# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ॐ
મા
ॐ

**પરમ શક્તિ મંત્ર**

**ॐ મા ॐ**




**રાજ્યોગી નરેન્દ્રજી**

ॐ
મા
ॐ

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત ॐ ॥

(વર્ષ ૧૬) ઓક્ટોબર - ૧૯૯૭ (અંક ૨)

|| ૐ મા ૐ || || જય ગાયત્રી મા || || ૐ મા ૐ ||

વર્ષ : ૧૬
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર ૧૯૯૭

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦ ૦૧૫.



વાર્ષિક લવાજમ
ભારતમાં રૂપિયા દસ (૧૦/-)

ૐ

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ
સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ
બંગલા પાસે, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## અનુક્રમણિકા

| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | દિવ્ય સ્વપ્ન......રાજયોગી નરેન્દ્રજી.......... | ૧ |
| ૨ | જ્ઞાનબીજ - વિચારવૃક્ષ ...................... | ૩ |
| ૩ | પરમોચ્ચ આનંદ ડીગ્રી........................ | ૬ |
| ૪ | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા.................... | ૧૧ |
| ૫ | ગુરૂપૂર્ણિમા.................................... | ૧૩ |
| ૬ | માનવતા દિન - રાજયોગી જન્મોત્સવ......... | ૨૯ |
| ૭ | રાજયોગી - છાંસઠમો જન્મોત્સવ............. | ૩૦ |
| ૮ | સમાચાર........................................ | ૩૨ |
| ૯ | પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશ કાર્યક્રમ... | ટાઈટલ૩ |
| ૧૦ | નિત્ય - સ્મરણ.................................. | ટાઈટલ૪ |

ૐ મા ૐ



મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન નં. : ૩૭ ૮૫ ૦૦

Scanned by CamScanner

# નોંધ

આધ્યાત્મિક કેડી ઓકટોબર ૧૯૯૭ ના અંકમાં અંદરના દરેક પાનાઓની બોર્ડર પર ભુલથી એપ્રીલ ૧૯૯૭ છપાયેલ છે. તેની જગ્યાએ ઓકટોબર ૧૯૯૭ વાંચવું.

Scanned by CamScanner

# દિવ્ય સ્વપ્ન

રાજયોગી નરેન્દ્રજી

તા ૧૬-૧૨-૯૬ ગુરૂવારે રાતે ૨-૧૦ વાગ્યાના B.O.A.C. ફલાઈટ નંબર ૧૩૮માં અમે મુંબઈથી લંડન જવા માટે બેઠાં. અમારી સીટનો નંબર ૬૫ એ અને ૬૫ બી હતો. ૬૫નો આંકડો આ વર્ષ માટે વધુ સૂચક હતો. મારી ઉંમરનું ૬૫મું વર્ષ ચાલે છે. મુસાફરીમાં બ્હેનજી અને હું રાજયોગી નરેન્દ્રજી માનવસેવા અર્થે લંડન અને અમેરીકા જઈ રહ્યાં હતાં. પ્લેનમાં રાતે ૩-૩૦ વાગે હું ઊંઘી ગયો હતો ત્યારે મને એક દિવ્ય સ્વપ્નાનુભૂતિ થઈ.

સ્વપ્નમાં હું અને બ્હેનજી પ્રકૃતિના સાનિધ્યમાં જળાશય પાસે બેઠાં હતાં. પ્રકૃતિને આનંદથી માણતાં અમે બેઠાં હતાં. એવામાં દૂરથી ૨૦-૨૨ વર્ષની ઉંમરની અતિ સુંદર,સુડોળ,નિર્દોષ અને લાવણ્યમય એકજ સરખી દેખાતી દેવકન્યાઓ અમારી પાસે આવતી દેખાઈ. કુલ ૬૫ બાળાઓ હતી. અમારી પાસે આવી તેઓએ બ્હેનજીને વિનયથી પૂછયું કે "અમારે એમની શરણાગતિ સ્વીકારવી છે." ( મારી સામે અગુંલિનિર્દેષ કરીને જણાવ્યું.) બ્હેનજીએ સંમતિ આપી.

સંમતિ મળ્યા પછી વિનયથી આ ૬૫ દેવકન્યાઓ પાસેના એક જળાશયમાં નિર્વસ્ત્ર થઈને સ્નાન કરવા ગઈ. સ્નાન કર્યા પછી એક એક કન્યા ભીના શરીરે આવીને મને પગે લાગી. પછી બીજા જળાશયમાં જેમાં કમર સુધીનું જ પાણી હતું તેમાં ગયાં અને ૐ મા ૐ ના આકારમાં ગોઠવાઈ ગયાં. તેમાંથી બે દેવકન્યાઓ બ્હેનજી પાસે આવીને વિનંતી કરી કે, અમારે એમને (મારી સામે આંગળી ચીંધીને) ' મા ' શબ્દના 'કાના' ને પૂર્ણ કરવા લઈ જવા છે. બ્હેનજીએ સંમતિ આપી. તેઓ મને જળાશયમાં લઈ ગયા અને 'મા' શબ્દના 'કાના' માં મને અધ્ધર ઊંચકીને ગોઠવી દીધો અને નીચે દેવકન્યાઓ ગોઠવાઈ ગઈ. તે જ વખતે મારૂં શરીર શક્તિના રૂપમાં એટલે કે માતાજીના રૂપમાં પરિવર્તિત થઈ ગયું. થોડીવાર પછી તેઓએ મને ઉતારી મારી બેઠકની જગ્યાએ લઈ આવ્યા. મારા બંને વક્ષ: (છાતી) માંથી દૂધની ધારા ફુવારાની જેમ ઊંચે ઉડતી હતી. દૂધની ધારા અવિરત વહેતી હતી. દેવકન્યાઓએ બ્હેનજીને વિનંતી કરીને પયપાન કરવા માટે આજ્ઞા માંગી. બ્હેનજીએ સંમતિ આપી. એક પછી એક બધી દેવકન્યાઓએ વારાફરતી બંને વક્ષ: ઉપર ધરાઈને પયપાન કર્યું. છેલ્લે બ્હેનજીએ પણ પયપાન કર્યું. પછી બધી દેવકન્યાઓ મને વારાફરતી વંદન કરીને વસ્ત્ર પરિધાન કરીને નિર્દોષ ભાવે જતી રહી.

સ્વપ્નનાં સાતત્યને વાગોળતો હું જાગી ગયો અને મને મારા અસલ રૂપમાં જોઈને દિગ્મૂઢ થઈ ગયો.

## આત્મિય વાચક મિત્રો,

દિવ્ય પુરૂષોના સ્વપ્નાં પણ દિવ્ય અને સાંકેતિક હોય છે. પ્રસ્તુત સ્વપ્નનું વિશ્લેષણ નીચે દર્શાવેલ મુદ્દાઓ ઉપર કરી શકાય. પ્રયત્ન કરશો તો કંઈક દિવ્યતા લાધશે.

આ દિવ્ય સ્વપ્નના નોંધપાત્ર મુદ્દાઓ :-

(૧) સ્વપ્નનો સમય બ્રહ્મમુહૂર્ત.
(૨) અવકાશમાં સ્વપ્ન
(૩) સીટ નંબર ૬૫ એ બી રાજયોગીજીની ઉંમરનું ૬૫ મું વર્ષ.
(૪) રાજયોગીજી અને બ્હેનજીની ઉપસ્થિતિ, દિવ્ય વાતાવરણ.



Scanned by CamScanner

(૫) પ્રકૃતિનું સાનિધ્ય
(૬) બે જળાશયો
(૭) ૨૦-૨૦ વર્ષની નિર્દોષ સુંદર દેવકન્યાઓનું વૃંદ
(૮) ૬૫ દેવકન્યાઓ
(૯) રાજયોગીજીની શરણાગતિ સ્વીકારવા માટે બ્હેનજીની સંમતિ માંગવી. બ્હેનજીએ સંમતિ આપી.
(૧૦) દેવકન્યાઓનું નિ:વસ્ત્ર થઈને જળાશયમાં સ્નાન કરવું.
(૧૧) દેવકન્યાઓની ભીના શરીરે, રાજયોગીજીને પગે લાગી, શરણાગતિ સ્વીકારવી.
(૧૨) બીજા જળાશયમાં કમર સુધીના પાણીમાં દેવકન્યાઓનું જવું અને ૐ મા ૐ ના આકારમાં ગોઠવાઈ જવું.
(૧૩) 'મા' શબ્દના 'કાના'ની પૂર્તિ અર્થે બે દેવકન્યાઓનું જળાશયમાંથી આવી બ્હેનજી પાસે રાજયોગીને લઈ જવા માટે સંમતિ માગવી. બ્હેનજીએ સંમતિ આપી. રાજયોગીજીને જળાશયમાં લઈ જવા.
(૧૪) જળાશયમાં 'મા' શબ્દના 'કાના'માં પૂજ્ય રાજયોગીજીને અધ્ધર ઊંચકીને ગોઠવી દીધા. બે દેવકન્યાઓ પોતાના સ્થાને ગોઠવાઈ ગઈ.
(૧૫) 'મા' શબ્દના 'કાના'ની પૂર્તિ થતા જ રાજયોગીજીનું મા-શક્તિના રૂપમાં પરિવર્તન.
(૧૬) રાજયોગીને નીચે ઉતારી તેમની બેઠક લઈ આવ્યાં.
(૧૭) રાજયોગીજી-શક્તિ સ્વરૂપના બંને વક્ષ:માંથી દૂધની ધારા અવિરત વછૂટવી.
(૧૮) દેવકન્યાઓએ પયપાન કરવા માટે બહેનજીની સંમતિ માંગવી - બ્હેનજીએ સંમતિ આપી.
(૧૯) વારફરતી બધીજ દેવકન્યાઓએ બન્ને વક્ષ:માંથી ધરાઈને પયપાન કર્યું.
(૨૦) છેલ્લે બ્હેનજીએ પયપાન કર્યું.
(૨૧) દેવકન્યાઓ વારફરતી વંદન કરીને વસ્ત્ર પરિધાન કરીને નિર્દોષભાવે જતી રહી.

## પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત

આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ કે સમ્પ્રદાયનાં બંધનો સિવાય, વિનામૂલ્યે પૂ. રાજયોગી નરેન્દ્રજીની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ દરરોજ અડધો કલાક પરમશક્તિ મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.
સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે મુલાકાત બંધ**

**પૂ. રાજયોગી નરેન્દ્રજી આપના પત્રો વાંચે છે. પરંતુ લેખિત જવાબ પાઠવતા નથી.**

શારીરિક-માનસિક તકલીફવાળા દરેક વ્યક્તિએ સ્વચ્છ કરેલી બે ચમચી મેથી અને બે ચમચી રાઈ એક મહિના માટે અભિમંત્રિત કરાવવા સાથે લાવવાં જરૂરી છે. પાણીની બાટલી સાથે લાવવી જરૂરી નથી.



Scanned by CamScanner

# જ્ઞાન બીજ - વિચાર વૃક્ષ

**આ**જનું સંભાળો, આવતીકાલની ચિંતા ન કરો. આ સૂત્ર જેમને લક્ષમાં રાખી ઉચ્ચારાયું છે, તેમને આપણે ઓળખી લેવા જોઈએ.જેઓ પ્રમાદ સેવે છે અને તરંગોમાં રાચે છે, તેઓની આવતીકાલ સુધરવાની નથી. એજ રીતે જેઓ આવતી કાલની ચિંતામાં આજનો દિવસ પસાર કરે છે. તેમનું પણ એમજ થાય છે. આવતી કાલની ચિંતા ન કરો. એનો અર્થ એવો નહીં કે, આવતી કાલ વિષે બેદરકાર રહો. તેનો સાચો અર્થ એકે, આજની સંભાળ નહી રાખો તો આવતીકાલ સુધરશે નહીં. આવતી કાલ ઉપર ચિંતાનું વાદળ છવાયેલું હશે તો યે આજના પરિશ્રમથી તે દૂર થઈ શકશે.માટે આવતીકાલનો વિચાર બાજુએ રાખી "આજ" ઉપર તમારા મનને સ્થિર કરો. જે આજે જાગૃત રહેશે તે આવતીકાલે પણ જાગૃત જ રહેશે. પરંતુ આજે ઉંઘનારો આવતીકાલે જાગૃત હશે જ એની કોઈ ખાત્રી નથી.

(પૂજ્ય ગુરૂદેવ કથિત)

**અરવિંદભાઈ** : આવતીકાલની ચિંતા ન કરો. એનો અર્થ એ નહીં કે, આવતીકાલ વિષે બેદરકાર રહો, તેનો અર્થ એ છે કે, આજની સંભાળ નહીં રાખો તો આવતીકાલ સુધરશે નહિં. આવતીકાલ પર ચિંતાનું વાદળ છવાયેલું હશે તોય તે આજના પરિશ્રમથી જ દૂર થશે, માટે આવતીકાલનો વિચાર બાજુએ રાખી "આજ" પર તમારા મનને સ્થિર કરો. ચિંતા અને પ્રમાદ માણસની 'આજ' બગાડે છે. પુરૂષાર્થથી આવતીકાલ પણ આજ બનીને આવે છે.

**ભાવિન** : આપણે આખો દિવસ આનંદમાં વિતાવવા માંગતા નથી. ક્યાંતો ગઈગુજરી યાદ કરીને દુઃખી થઈએ છીએ અથવા આવતીકાલની ચિંતામાં વર્તમાન બગાડીએ છીએ. આપણે વર્તમાનને સુખપૂર્ણ રીતે પસાર કરવાનો પ્રયત્ન કરીએ અને જિંદગીમાં જે આવી પડે તેનો સ્વીકાર કરીએ, અને પ્રભુ સ્મરણ કરીએ.

**પ્રતિક્ષાબેન** : ભૌતિક જીવનમાં આપણને જે જવાબદારીઓ, ફરજો કે કાર્ય સોંપાયા હોય તેને સમયમર્યાદામાં પૂર્ણ કરવા જોઈએ. ત્યા બેદરકારી બતાવી તરંગમાં રાચવું જોઈએ નહિં. આયોજન પૂર્વક આજનું કાર્ય ધીરજ, ખંત, પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠાથી પૂર્ણ કરવાની ટેવ પાડીશું. તો આવતી કાલનું કાર્ય પણ પૂર્ણ કરી શકીશું. આધ્યાત્મિક અભિગમમાં મૃત્યુ એ વાસ્તવિકતા છે પણ એની ચિંતા શા માટે કરવી? પરમતત્વની ઉપાસના આજથી જ કરીને એમનાં શરણમાં જઈએ. ઘરડાં થઈશું ત્યારે પ્રભુ સ્મરણ કરીશું એ ભ્રામક ખ્યાલોમાં રાચતો માનવી, તે ઉંમરે નહીં જોઈ શકે, નહીં સાંભળી શકે અને સમગ્ર જીવન પ્રભુપ્રાર્થના વગર રહી જશે માટે પ્રમાદને છોડી ને આજથી પ્રવૃત્ત થઈએ. આપણે નવ સિધ્ધાંતોનો અમલ કરી પૂજ્ય ગુરૂદેવ અને મા ગાયત્રીના કૃપા પાત્ર થઈએ.

**સ્નેહાબેન** : જીવનમાં ધ્યેય પ્રાપ્ત કરવા નિયમિતતા લાવવી પડશે. જેઓ સિધ્ધિના અધિષ્ઠાતા છે, તેઓ તમામે વહેલી સવારનો ઉપયોગ કરવાની ટેવ પાડી છે. રોજ એક કલાક બગાડીએ તો વર્ષમાં ૩૬૫ કલાક બગડે અને એટલા સમયમાં કેટલું બધું કામ કરી શકાય. જીવનમાં કેટલીક વાર નાની સરખી આળસ આખી જીંદગીનો પસ્તાવો કરાવે છે માટે કાર્ય શીલ રહેવું.

**જસવંતભાઈ** : જીવનમાં જો કાર્યસફળતા પ્રાપ્ત કરવી હોય તો આળસ છોડે જ છુટકો, પ્રમાદના ત્યાગથી નિશ્ચિંતતા પ્રાપ્ત થાય છે તથા ચિંતાના રોગથી દૂર રહેવાયછે, ઓફિસના કામોમાં કદી આળસ



Scanned by CamScanner

ન રાખીએ અને પ્રભુ પ્રાર્થનામાં પ્રમાદ ન સેવીએ.

**દાદા :** Work While you Work and Play While you Play That is the way to be happy and gay. હંમેશાં વર્તમાનમાં જીવીએ. Live in present. મગજને એવી રીતે કેળવીએ કે વર્તમાનમાં આનંદ શોધી કાઢે.

**સુકુમાર :** જીવનમાં દરેક કામની Priority નક્કી કરીએ તો કામનું ટેન્શન ન રહે અને ચિંતાના રોગો ન થાય. કામો ભૂલી જવાથી થતા નુકશાનમાંથી પણ બચી જઈએ. ભૂતકાળ હાથમાં નથી અને ભવિષ્ય માટે કાંઈ કરી શકવાના ન હોઈએ તો વર્તમાન જે હાથમાં છે તે સુધારીએ એટલે આજને મહત્વ આપીએ.

**સતીષભાઈ :** પુરૂષાર્થને અગ્રતા આપો જેથી કામનો ભરાવો થાય નહીં. કાર્યમાં મગ્ન રહીએ અને આપણા જીવનને ગુરૂદેવના પરમશક્તિ મંત્રથી ભરી દઈએ. જેનાથી આપણને લાભ થાય અને આપણી આજ અને આવતીકાલ બન્ને સુધરે.

**હેમંતભાઈ :** છ લીટીના આ સંદેશ દ્વારા જીવન પરિવર્તન અને સદ્બુધ્ધિના સંચારની અનુપમ દવા બતાવી કદાચ પરમાત્મા દરેકને જીવન ઉલટાવી નાંખીને રોજ જીવનમાં નક્કી મૃત્યુ તરફ આગળ લઈ જાય ત્યારે મનુષ્યના જીવનમાંથી ઈર્ષા, અદેખાઈ, લોભ, લાલચ જતા રહે, સદ્ભાવ જાગે , સત્કાર્યો કરવાની પ્રેરણા થાય એમ આપણે આજને સુધારવા માટે સંકલ્પબધ્ધ થઈ અને આવતીકાલની આશામાં ન રહીએ.

**મનિષભાઈ :** દરેક કાર્ય અંતરાત્માને અને પરમતત્વને પુછીને જ કરવું, જો તેના અવાજ વિરૂધ્ધનું હશે તોજ ચિંતા ઉદ્ભવે...(૧) પોતાનામાં આત્મવિશ્વાસ રાખવો કે નક્કી કરેલ કાર્ય, નક્કી સમયમાં કોઈપણ ભોગે કરવા તે સમર્થ છે. (૨) પોતાની સમર્થતા હોય તો બીજા ઉપર નિર્ભર ન રહેવું. (૩) કાર્ય કરવામાં આળસ ન રાખીએ અને મુશ્કેલીઓ આવવાની જ છે એમ સમજી પહેલેથી હિંમત રાખવી . સંસાર ચક્રમાં નિત નવિન કાર્યોના નિર્માણ થતાં જ રહે છે, એનો અંત જ નથી ત્યારે આવતીકાલનું કાર્ય આજે કરીને કાર્યને પૂર્ણ કરીએ. આજેજ આત્માને જાગૃત કરો અને આજથી જ 'મા' ને યાદ કરવાનું શરૂ કરો અને પૂજ્ય ગુરૂદેવ ના જ અવતરણમાં 'મા' ને સંભાળો જે 'મા' માં જાગૃત રહેશે તે આવતી કાલે પણ જાગૃત જ હશે.

**પૂજ્ય બ્હેનજી :** (૧) વર્તમાનને સુધારો તો,
ભવિષ્ય તો સુધરશે જ,
નિષ્ફળતાના વાદળો વેરાઈ જશે
ઝંઝાવાતો અટકી જાશે,
સફળતાનો સુરજ ઉગશે.
સ્વસ્થતા જળવાશે તન અને મનની
સંતોષ મળશે અંતરાત્માને....

(૨) હટશે જો પ્રમાદ અને તરંગો,
જીવન જીવવાની ઔર મજા આવશે.
વર્તમાનને માણી શકાશે



Scanned by CamScanner

ભવિષ્યને ઘડી શકાશે.

(૩) જાગૃતિ અને પુરૂષાર્થ પ્રતિપળનો
સુધરશે વર્તમાન,
ઉઘડશે ભવિષ્ય,
વેરાશે ઘનઘોર વાદળો
વરસશે સુખ સમૃધ્ધિનો વરસાદ.

પરમ પૂજ્ય ગુરૂદેવ : જીવનમાં ચાર મુખ્ય બાબતો....
"આજ" "ચિંતા" "પ્રમાદ" અને "તરંગ"
આને હજુ બે ભાગમાં વહેંચી શકાય
એક-'આજ, પ્રમાદ અને તરંગ'
બીજુ "ચિંતા"
જીવનમાં ચિંતા છોડો, પ્રમાદ છોડો અને તરંગોથી મુક્ત "આજ" ને અપનાવો.

(૧) ફુલ નસીબે,
ગુલાબ વેર્યા,
નીચા નમીને વીણશું ક્યારે?
આજ ભાઈ આજ ને અત્યારે.....

(૨) ચિત્ત તું શીદને ચિંતા કરે,
ઈશને કરવું હોય તે કરે.....

(૩) Duty And Today Are Ours
Results And Futurity Belongs To God.
ફરજ અને વર્તમાન આપણાં છે, પરિણામ અને ભવિષ્ય પરમાત્માને આધિન છે.
પ્રમાદ-રાવણનો અને દુર્યોધનનો - અને પ્રમાદથી તરંગો આવે....
રાવણને ત્રણ ઈચ્છા હતી.
(૧) સોનામાં સુગંધ મૂકવાની
(૨) સમુદ્રને મીઠો કરવાની
(૩) સ્વર્ગની સીડી મૂકવાની
પણ પ્રમાદમાં કશું કરી શક્યો નહીં - સિધ્ધિ પ્રાપ્ત કરવી હોય તો પ્રમાદ છોડો.

શ્રીરામ અને કૃષ્ણના જીવનમાં કેટલાય વિઘ્નો આવ્યા પણ તેઓ સતત કાર્યશીલ રહ્યાં, તેમના જીવનમાં જ્યારે તક આવી ત્યારે આગળ વધતા જ રહ્યા અને તેથી તેઓ સફળ થયા. આજે પણ આપણે તેમને યાદ કરીએ છીએ. માટે હંમેશા કાર્યશીલ રહો.

**ૐ મા ૐ**

**જીવનની સાર્થકતા માટે માનવતાવ્રતનું આચરણ કરવું અને મન, વચન કર્મ તણી પવિત્રતા જાળવવી.**



Scanned by CamScanner

# આનંદ યાત્રા - ભક્તગણ વિશ્વવિદ્યાલય

**શ્રધ્ધાથી શિવજી સુધી**

તા. ૨૩-૬-૯૬ રવિવાર

## પરમોચ્ચ આનંદ ડીગ્રી

**પરીક્ષાનું પ્રશ્ન પત્ર**

આજ તારીખ ૨૩મી જુન ૧૯૯૬ ને રવિવાર પ્રાત: કાળનો સમય.

આજની આ સભા પરમના પરમપ્રિય બાળ પૂ. શ્રીમાન રાજયોગીજીના વડપણ હેઠળ, પ્રમુખપદ હેઠળ તેઓશ્રીની નિશ્રામાં મળી છે. આજની પરમ પવિત્ર યાત્રા **"શ્રધ્ધાથી શિવજી સુધીની છે."** સાબરકાઠે દૂરદૂર એકાંત-નિર્જન સ્થળે યોગીશ્વર-બ્રહ્માંડપતિ-શિવજી ધૂણી ધખાવીને બેઠા છે. શિવ, શિવની રાહ જોઈને, તેમના મિલન માટે પ્રયાણ કરી રહ્યા છીએ.

પરમના પ્રિયબાળના ભક્તગણની આ સભા-આ લોકસભા-પાર્લામેન્ટ, સર્વ સંમતિથી, સર્વાનુમતે નીચે અનુસાર ઠરાવો કરે છે :-

આ હાઉસ ઠરાવે છે કે,

(૧) " આ સભા આજરોજ ભક્તગણ વિશ્વવિદ્યાલય"-યુનિવર્સીટીની હંગામી સ્થાપના કરે છે. આ વિશ્વ વિદ્યાલયનું સ્થળ હાલપુરતું શ્રધ્ધાથી શિવજી સુધીનું છે.

(૨) આ વિશ્વવિદ્યાલય "પરમ આનંદ" અને "પરમોચ્ચ આનંદ" એમ બે ડીગ્રી આપવાનું ઠરાવે છે.

(૩) "પરમ આનંદ"ની ડીગ્રી પ્રાપ્ત કરી ચૂકેલા શ્રીમાન રાજયોગીજીને આ યુનિવર્સીટીની 'પરમોચ્ચ આનંદ'ડીગ્રી પરીક્ષામાં બેસવા માટે તેઓશ્રી એકલાજ આ પરીક્ષા આપવા સક્ષમ હોઈ અનુમતિ આપવામાં આવે છે કે આ અનુમતિ એ શરત આપવામાં આવે છે કે તેઓશ્રી તરફથી સભાનું સામુ પરિક્ષણ ન કરાય.

આ સાથે પરીક્ષાર્થી પરમ પૂજ્ય રાજયોગીને "પરમોચ્ચ આનંદ" ડીગ્રી પરીક્ષાનું પ્રશ્નપત્ર સુપ્રત કરવામાં આવે છે.

આ સભાની સંમતિની અપેક્ષાએ આ પ્રશ્નપત્ર શ્રી સતીશ ભટ્ટ વાંચી સંભળાવશે. શ્રી સતીશ ભટ્ટ આ પ્રશ્નપત્ર હવે વાંચે.

પ્રશ્નોના ઉત્તર પૂજ્ય શ્રી ગુજરાતી ભાષામાં આપે.

**પદ્ય કે ગદ્યમાં**

**પરીક્ષાનો સમય :** યાત્રા શરૂ થયેથી યાત્રા પૂર્ણ થતાં સુધી અથવાતો પૂજ્યશ્રીની મુનસબીએ આપે.

ઉત્તરો, પરમશક્તિ તરફથી ભેટ- સોગાદ, કૃપા, દયા રૂપે હશે તો તે પરમ આવકાર્ય રહેશે. જેવી પૂજ્યશ્રીની ઈચ્છા.

ભક્તગણ વિશ્વવિદ્યાલય

**સ્થળ :** શ્રધ્ધાથી શિવજી સુધી - પી.સી.નં. ૭.૯.૧૯૩૨ - **ગ્રામ : ૐ મા ૐ**

**પરમોચ્ચ આનંદ પરીક્ષા**

**સમય :** યાત્રા શરૂ થયેથી યાત્રા પૂર્ણ થયા સુધી. તા. ૨૩-૬-૧૯૯૬



Scanned by CamScanner

## પ્રશ્ન પત્ર

### (પ્રત્યેક પ્રશ્નના ગુણ સરખા છે)

પ્રશ્ન-૧. કહો રાજવી મળવા કોને
અમને ક્યાં ક્યાં લઈ જશો?
'શંકર થઈ શંકરને શોધો'
અચરજ નહીં તો શું કહેશો?

પ્રાર્થના: હે માત,
પાસ થયો તુજ કસોટીમાંથી
સંસારીઓની કસોટી ભારી,
આખી સભા માંહીં છું એકલો
વિનંતી સાથમાં તું રહેજે.
કસોટી, કસોટી નહિં રહે,
પ્રેમથી ફૂલડાં વેરી જાશે.

જવાબ-૧. નથી રાજવી કે રાજપાટ,
છું બાળકુંવર માતતણો.
માતતણા ઇશારે ચાલું
પરમ દોરે પરમના આંગણે

પ્રશ્ન-૨. વાતવાતમાં માત હિલોળે,
પારણિયે તે શું કહેશો?
રેશમની દોરીએ બાંધી,
પ્રીત પનોતી શું કહેશો?

જવાબ-૨. બંધાયો પ્રેમતણી સાંકળે,
રેશમની દોરીને શું કરૂં.
પડી છે બેડીઓ એવી,
કે છોડી નથી શકતો.

પ્રશ્ન-૩. ધૂરા ધરી છે ધરા તણી તો,
ધરણીધરને શું કહેશો?
જંગલમાં મંગલ માણો તે
સંસારીને શું કહેશો?

જવાબ-૩. ભેખ ધર્યો સેવા તણો,
સેવા એજ મુજ સંદેશ.
તન સંસારી મન સંન્યાસી,
જંગલમાં મંગલ માણે.



Scanned by CamScanner

પ્રશ્ન-૪. શંકર કંકર સઘળે વસતા
સાર સમર્થન શું કરશો?
જપે જપ જોગી જંગલમાં,
મળી રાજવી શું કરશો?

જવાબ-૪. ધરો ધ્યાન જંગલમાં કે મહેલમાં,
અણુએ અણુમાં વસતો પરમ.
પ્રીતને પ્રીત મળે, હૈયે આનંદ ઊભરાયે,
મસ્તીયજ્ઞના છાંટણાં છંટાયે.

પ્રશ્ન-૫. રાખ રસાયણથી હરખતા,
મસાણ મહેફિલમાં મરકતા.
ભુતભુતાવળ પુલકિત થાતાં,
મૃત્યુઘંટ સમ ડમરૂ ખ્યાતા.
આકડ ધંતુરથી ધરપાતા,
જટા મહીં કેદી ગંગમાતા.
ધ્રુજે ઠેસથી ધરણીમાતા,
તાંડવ કરી લયકાર ગણાતા.
તપે તાપ તપના ઉદ્‌ગાતા,
શ્રાવણ સરવરિયે શિર શાતા.
ગ્રહી વિષ અમૃતને પાતા,
સદા દિગંબર છે વરદાતા.
શશી શિરે શીતળતા દાતા,
અર્ધનારી નટેશ્વર રાજા.
જય અવધૂત અઘોરીબાબા,
રહી વાટ જોતી જગમાતા.
જય નરેન્દ્ર ૐકારજીનાથા,
સદા રહો અમ ઉર સંગાથા,
કર્યો યોગ ઉજળો શિવદાતા,
ઉમા માત શંકર જગ તાત,
લખે કોણ તવ ગુણની ગાથા,
સદા રહો ભક્તોથી જ્ઞાતા,
કૈલાસે કેદાર કર્યો,
એ શિવશંકરને શું કહેશો?
તમે લાડલા રાજમાતના,



Scanned by CamScanner

કંકર કંટક શું કરશો?

પરબાર વિના દરબાર રચે,

એ શિવ શંકરથી શું કરશો?

કહો રાજવી ! શ્રધ્ધાથી,

શિવજી સામે જઈ શું કરશો?

જવાબ-૫ અમાસનો તો ફાડો છેડો,

પૂનમને તો માણી લો.

કમળ એ કમળ રહેવાનું,

ભલે ખીલે કમળ કાદવમાં.

ફરતાં ફરતાં કંટક વાગે,

પુષ્પો વીણતાં કંટક વાગે.

કંકર કંટકના ગુણધર્મો બદલે,

કંકરમાંથી સોનું પાકે.

કંટકમાંથી ગુલાબ,

એજ કાર્ય બાળની માતતણું.

પ્રશ્ન-૬ વીંટે વિષધર ગળે શિવજી,

એ ચર્યા તમ શું કહેશો?

વૈરાગી - વીતરાગી તેની,

વાતો અમને શું કહેશો?

જવાબ-૬ પ્રવેશ અર્પ્યો શંકરે વિષને મુખમાંહી,

ધારણ કીધું વિષને ગળામાંહી.

સમસ્યા વિષ અંદર - બહાર ન જાય,

ઝેર - ઝેરનું મારણ.

શંકરે ધારણ કર્યા સર્પોને,

મુક્ત શંકર વિષમાંહીથી,

સર્પો બન્યા શિરછત્ર શંકરના.

પ્રશ્ન-૭ થયા રાજમાતાના જાયા,

જગને જીવન શું દેશો?

કહો રાજવી ! કોને મળવા,

ક્યાં ક્યાં અમને લઈ જાશો?

જવાબ-૭ શિવને શક્તિનો સંયોગ,

તાંડવ ને રાસનો સંયોગ,

કેદાર ને મલ્હારનો સંયોગ,

મારો ને તમારો સંયોગ,
માણી જુઓ જાહેરમાં.

## પરિણામ

આ વિશ્વ વિદ્યાલયના ચાન્સેલર, વાઈસચાન્સેલર અને સેનેટના સભ્યશ્રીઓ,
" પરમોચ્ચ આનંદ " ડીગ્રી પરીક્ષામાં
સન્માન સાથે - વીથ ડીસ્ટીંકશન
પૂજ્ય શ્રી રાજયોગીનરેન્દ્રજીને
ઉર્તીણ જાહેર કરે છે. અને સદર ડીગ્રી તેઓશ્રીને એનાયત કરે છે.

### ક્ષમા યાચના

હે પરમ શક્તિના પ્રિયબાળ,
હે જગદ્‌ગુરૂ,
પરમપૂજ્ય શ્રી રાજયોગી,
હે કરૂણાનિધિ,

અમે કે આ જગતનું કોઈપણ આપનું પરીક્ષણ તો શું, આપની પહેચાન પણ શું પામી શકે? આપને જાણવા, ઓળખવા, પામવા દુર્ગમ છે. આપ તો શુધ્ધ સન્યસ્તના પરીક્ષક છો.આપનું અવતરણતો જગતના જીવોને અનેક સહેલાં - અઘરાં પરીક્ષણોમાંથી ઉર્તીણ કરાવવા માટેનું જ છે. આતો અમારો આપના સાનિધ્યમાં એક આનંદ માત્ર હતો. પરમ આનંદનું કેન્દ્ર માત્ર આપ છો.

અમો ભક્તજનો તરફથી કોઈ એવી વર્જ્ય ચેષ્ટા થઈ હોય તો અમારા સાષ્ટાંગ સ્વીકારી માફી બક્ષશોજી.

## નૂતન વર્ષાભિનંદન

**ષડ્‌વૃત્તિઓને નિયંત્રણમાં રાખી,**
**વિવેકસહ જીવનને પરમના પંથ**
**વાળવાના દૃઢ સંકલ્પ સાથે,**
**નૂતન વર્ષનો પ્રારંભ કરીએ.**
**આશીર્વાદ...**

**રાજયોગી નરેન્દ્રજી.**



Scanned by CamScanner

# સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા

ક્રમશઃ (૩)

ડૉ. તપસ્વી નાન્દી

પૂજ્યશ્રી ગુરુના માર્ગદર્શનને અનિવાર્ય રીતે આવશ્યક લેખે છે. સદ્‌ગુરુની સહાય અને કૃપા સંસારીને માટે સંસારસાગરના પ્રચંડ મોજાંની ઝીક ઝીલવા અનિવાર્ય છે. એકલા સંસારીની પાર ઉતરવાનો ગુંજાશ નથી. 'પાર કરો મોરી નૈયા, ભંવરસે'આવી પ્રાર્થના સાથે, પૂજ્યશ્રી જાણે કે, જણાવે છે કે 'પડી તો જુઓ સાગરમાં, આપણે સાગરને ગાગર જેવડો બનાવી દઇશું!' મહાન મુનિશ્રી અગસ્ત્યે એક ચાંગળામાં આખો સાગર ભરીને પી લીધો હતો, વધતા વિંધ્યાચલને રોકયો હતો, કાલક્રમે એ જ અગસ્ત્યાશ્રમની ભૂમિ પર કહે છે કે, શ્રી અરવિંદે પોંડીચેરીનો આશ્રમ સ્થાપ્યોં, તો ભારતના આ પશ્ચિમ ભાગમાં, ગરવી ગુજરાતમાં પૂજ્યશ્રીએ 'શ્રધ્ધા'માં અધ્યાત્મ કેન્દ્ર ખોલ્યું છે અને 'નીલોષા'માં કાર્યયજ્ઞ જારી રાખ્યો છે. આપણે એવું વિચારી શકીએ કે, પૂજ્યશ્રીએ ગુજરાત અને તેમાંય અમદાવાદને પોતાની કર્મભૂમિનું કેન્દ્ર બનાવ્યું તેમાં પણ પરમતત્વ - અહીં આપણે પૂજ્યશ્રીના હુકમ પ્રમાણે એને મા ગાયત્રી તરીકે નોંધીએ છીએ (જાણીએ છીએ એવો શબ્દ પ્રયોગ ટાળ્યો છે કેમ કે મા ગાયત્રીને જાણનારતો એક એનો બાળ છે ને બીજો હજી શોધવાનો છે)- નો કોઇ ખાસ સંકેત હોઇ શકે. શક્ય છે કે, કલા, સાહિત્ય અને સંસ્કાર વિષે સ્વભાવથી પરાડમુખ અને વેપાર ધંધો અને શેર સટ્ટા વિષે પ્રકૃતિથી જ ઉન્મુખ, મુખ્યત્વે પૈસાને પરમેશ્વર ઠરાવીને જીવતા લક્ષ્મીનંદનોથી મંડિત ગુજરાત અને તેમાંય વળી આખાય વિશ્વમાં સ્વાર્થ પરાયણતા, માટે પ્રખ્યાત અમદાવાદીઓની વચ્ચે પૂજ્યશ્રીએ પોતાનું કેન્દ્ર સ્થાપ્યું છે. તેનું કારણ એ પણ હોય કે પરમતત્ત્વે - જેને અહીં આપણા સંદર્ભમાં મા ગાયત્રીના સ્વરૂપે વિચારાય છે,- એવું ઇચ્છયું હોય કે કાદવમાં જ કમળ ખીલે, કે પ્રકૃતિના જડમાં જડ, સ્થૂળમાં સ્થૂળ, વિકૃતમાં વિકૃત આવિર્ભાવના સમૂળા રૂપાન્તરનું, સ્થૂળને સૂક્ષ્મમાં, દિવ્યમાં પરિવર્તિત કરવાનું બીડું પૂજ્યશ્રી ઝીલે અને એ કાર્યમાં જ લાગી રહે. ગુજરાતમાં પણ સૌરાષ્ટ્રની ધીંગી ધરતીમાં તો આપણા મહાત્મા ગાંધીજીને ન ગણાવીએ તો પણ અનેક ભક્તજન, દાતાઓ અને શૂરવીરો પાક્યા છે- "જનની જન તો ભક્તજન, કાં દાતા, કાં શૂર" એ કથન સૌરાષ્ટ્ વિષે તો સિધ્ધ થયું છે. દક્ષિણ ભારતમાં તો કેરળ, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, પોંડીચેરી, કર્ણાટક અને મહારાષ્ટ્ના પ્રદેશોમાં કેટકેટલા આચાર્યો - આદિ શંકરાચાર્યથી માંડીને, શ્રી અરવિન્દ અને સંત તુકારામ, સંત જ્ઞાનેશ્વર વગેરેએ ઇશ્વરીય સંદેશ ફેલાવ્યો છે, સાત્વિકતાના સાગરમાં દક્ષિણની અને મહાનદી અને નર્મદા અને કાવેરીઓએ જલૌધો ઠાલવ્યા છે. ઓરિસ્સા, બંગાળ, બિહાર અને પૂર્વના પ્રદેશોમાં પણ અધ્યાત્મની ઉષાએ પોતાના મનોહર રંગો ખીલવ્યા છે. બાકી રહી હતી આપણી ગુજરાત, 'ગુજરાત મોરી મોરી રે!' પૂજ્યશ્રીએ ગુજરાતને વિભૂષિત કરીને અધ્યાત્મવિશ્વમાં એનું નામ પણ ગાજતું કર્યું છે. આપણી શેર-સટોડિયા અને વેપાર-વણજ કરનારાઓની ભૂમિમાં પણ અધ્યાત્મનો અહાલેખ જાગી ઉઠયો છે. હા, અહીં વસ્તુપાળ-તેજપાળ જેવાં ઇતિહાસને ઉજાળનારા દાનવીર શ્રેષ્ઠી મહાજનો જરૂર થઇ ગયા છે, પણ ગુજરાતના વર્તમાનમાં ભૌતિકતાનાં અંધારા વિશેષ ઘેરાયેલાં હતાં. આથી જ શ્રી માએ પોતાના લાડલા કુંવર, મયૂરરાંજને ગુજરાતની ભૂમિને પોતાની કર્મભૂમિ, તપોભૂમિ બનાવી તેને વ્યાસજીની માફક 'ઊંડા અંધારેથી પરમતેજે લઇ જવા, અસત્યોમાંહેથી પરમસત્યે વાળવા, અને મહામૃત્યુમાંથી અમરત્વનાં પાન કરાવવા' આદેશ આપ્યો. આ રીતે પૂજ્યશ્રીનું અમદાવાદ આવવાનું



Scanned by CamScanner

ચરિતાર્થ થયું. ઇતિહાસે નોંધ લીધી છે કે, એક સાબરમતીના સંતે અહીં આશ્રમ સ્થાપીને દીન-દુઃખિયાં-હરિજનો-આપણે સવર્ણો એમને ભૂંડા ચાંડાળો કહેતાં અને એમને માથે મેલું ઉપડાવતા-તેમને સ્વસ્થ કરવા, તેમનાં આંસુ લૂછી એમને જીવનબળ આપવા, સમર્થ બનાવવા પુરુષાર્થ કર્યો, અને આ બીજા 'શ્રધ્ધા'ના સંતની ઇતિહાસ નોંધ લેશે કે, જેણે અહીં મા ગાયત્રીની આજ્ઞાથી ગુરુપદ સ્વીકારી, પોતાનો શ્રીમા સાથેનો મા-બાળક સંબંધ અખંડ રાખી નર્યા નિખાલસ, નીતર્યા, નીરસમા, નિર્મળ, નિર્દ્વન્દ્વ, નિર્મમ, નિત્યસત્ત્વસ્થ, નિર્બાધ, નિઃસીમ, નિર્યોગક્ષેમ, આત્મવાન વ્યક્તિત્વથી દીન-દુઃખિયાની સેવાનો ભેખ લઇને તેમને કેવળ ભૌતિક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય, તેમની રોગ મુક્તિ થાય, તેમની આધિ, વ્યાધિ, ઉપાધિ ટળે એટલા માટે જ નહીં, પણ તેમનામાં પરમતત્ત્વની પ્રાપ્તિ માટેની અભિપ્સા જાગે, તે માટે તેઓ સાચી ઉપાસનામાંથી પસાર થાય, તેમનાં જીવન સુગન્ધમય બને, દિવ્યતા તરફ તેમની ગતિ થાય, પ્રભુનાં દર્શન-સાક્ષાત્કાર થાય ત્યાં સુધીની માવજત કરવાનું કાર્ય હાથમાં લીધું અને હાલ તેમાં તેઓશ્રી પ્રવૃત છે. પુરાણો કહે છે કે, એક રાજા ભગીરથે ગંગાજીને ધરતી પર ઉતારવા કઠોર શ્રમ કર્યો હતો, આજનો ઇતિહાસ કહેશે, ભાવિ પ્રજાઓને કે શ્રી માતાજીના કુંવર નામે નરેન્દ્રદેવે જ્ઞાન-ભાગીરથીના અવતરણનું મહાતપ આ ભૂમિ પર આદર્યું હતું અને સિધ્ધ કર્યું હતું કે, જેનાથી આ મા ભગવતીની લીલુડી ધરતી ફરી ફરીને જન્મ લઇને વસવા લાયક બની છે, જેને કારણે પ્રજામાં નિત્ય સેવા, નિત્ય કીર્તન ઓચ્છવ નિરખવા નંદકુમાર રે ની ધૂન લાગી છે.

ગુરુપદ શોભાવીને પૂજ્યશ્રીએ સહજ-ઉપાસના માર્ગ ચીંધ્યો છે. જેમ શ્રી ભગવદ્‌ગીતાના ગાનાર ઉપદેશક ગુરુ શ્રી કૃષ્ણ અવતાર રૂપ હતા-'कृष्णस्तु भगवान स्वयम्' જેમ દિવ્યત્વ પોતે જ in its naked Splendour પોતાની નિજી સુંદરતા સાથે ધરતી ઉપર ઉતર્યું હતું. તેમ પૂજ્યશ્રી પણ શ્રીમાના બાળક રૂપે, શ્રીમાના મનમોર રુપે, શ્રીમાના સંકેતથી આ ધરા ઉપર પધાર્યા છે. શ્રી કૃષ્ણ ગુરુ હતા અને શિષ્ય હતો સમર્થ માનવ અર્જુન-તે એમને પરમપ્રિય હતો-'प्रियोऽसि मे' તે જ રીતે શ્રી ગુરુદેવને માનવમાત્ર, અરે સમગ્ર સચરાચર જગતમાં પ્રાણીમાત્ર પોતાના સંતાનની માફક પ્રિય છે. એથી જ તો આ પરિશ્રમ તેઓ ઉઠાવે છે ને ?

## નવ સિધ્ધાંત

૧. **ઈષ્ટમાં સંપુર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખવી.**
૨. **નિઃસહાયને સહાય કરવી.**
૩. **દુઃખીઓના દિલનાં આંસુડાં લુછવાં.**
૪. **કોઈની ઈર્ષા કરવી નહિં.**
૫. **કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.**
૬. **પરનિંદાથી દુર રહેવું.**
૭. **પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.**
૮. **નિસ્વાર્થ સેવા કરવી.**
૯. **અહમનો ત્યાગ કરવો.**

**– પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી –**



Scanned by CamScanner

## "ગુરૂપૂર્ણિમા" 

૧૯-૭-૧૯૯૭

આજનો ગુરૂપૂર્ણિમા મહોત્સવ કેટલીય વિશેષતાઓ આવ્યો છે.આગલા દિવસે ૧૮-૭-૯૭ ને શુક્રવારના રોજ બપોરે ત્રણ થી છ, ગુરૂપાદપ્રક્ષાલનની પરવાનગી મળતાં આશરે ૬૦૦ થી વધારે ભક્તોએ પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક નમાવી, નવસૂત્ર અને માનવતા વ્રત આચરણનો સંકલ્પ કર્યો તથા પૂજ્યશ્રીના જમણા પગના અંગૂઠાની પૂજા કરીને પરમશક્તિ મંત્રમાં લીન થવાની ભાવના પ્રગટ કરી. પૃથ્વીલોકના ભક્તોને પૂજ્યશ્રીએ દરેકની ભાવના, ક્ષમતા અને સંકલ્પબળ પ્રમાણે આશીર્વાદ આપ્યા. સામાન્ય દ્દષ્ટિએ ભલે બધા જ પાદપ્રક્ષાલન કરી ધન્યતા અનુભવતા હોય, પણ શ્રધ્ધા અને શરણાગતિના ત્રાજવામાં મૂકાયેલ વજનિયા પ્રમાણે જ ગુરૂકૃપા વહેંચાતી ગઇ. દર વર્ષે વિસ્તરતા જતા ભક્તવ્યાપને સમાવવા પી. જી. મહેતા મેમોરીયલ હોલની દિવાલો હવે અસમર્થતા પ્રગટ કરતી જાય છે છતાંય પૂજ્યશ્રીની અસ્ખલિત વહેતી પ્રેમગંગા અને સ્નેહયમુનામાં કયાંય ઓછાશ આવી નથી.

૧૯ મી જૂલાઇ ૯૭ ને શનિવારનો ગુરૂપૂર્ણિમાનો દિવસ અસંખ્ય ભક્તોના શ્રધ્ધા-સમર્પણના સૂર્યોદયથી શરૂ થયો. ગામ-પરગામના ભક્તો, કેટલીય તકલીફો, [illegible]દીને પણ પરમઆદરણીય પૂજ્યશ્રીના ચરણ સ્પર્શ માટે પી. જી. મહેતા હોલમાં પ્રવેશ્યા ત્યારે ભક્તોની ભાવનાઆને દેવગણ પણ પરમઆનંદથી નિહાળી રહ્યાં હશે.

સમયપાલન અને સમયશિસ્તના ચુસ્ત પાલનકર્તા પૂજ્યશ્રી સવારે ૯-૦૦ વાગે હોલમાં પધાર્યા. ભક્તોની જયજયકાર વચ્ચે આજે ગુરૂદેવ સ્નેહ અને આશીર્વાદ લૂંટાવવા આવ્યા છે ત્યારે તેમના મુખારવિંદ પરની તેજસ્વિતા અલૌકિક અને માણવા જેવી હતી.

સવારના ૯-૦૦ થી ૧-૧૫ વાગ્યા સુધીના સમયમાં લગભગ ૧૧૦૦ ભક્તોએ ચરણ સ્પર્શ કરી ધન્યતા અનુભવી. અમદાવાદના ભક્તો, પૂજ્યશ્રીના વારંવાર પરદેશના કાર્યક્રમથી દુ:ખી થતા હોય ત્યારે એ ન ભૂલે કે માત્ર આજ ભક્તોને ગુરૂપૂર્ણિમાના પરમ પવિત્ર દિને પાદપ્રક્ષાલન અને ચરણ સ્પર્શ બન્નેનું પુણ્ય મળે છે.

આજના દિને પૂજ્યશ્રીના સંરક્ષણ છત્રમાં નવા આગંતુકોને "મંત્રદીક્ષા" પણ આપવામાં આવી. વર્તમાન સંધિકાળમાં પૂજ્યશ્રીની છત્રછાયામાં સમાઇ જવાનો આનંદ, એમના ચહેરા પર જોઇ શકાયો.

આજના પર્વમાં પાંચ બટુકો સૌથી નસીબદાર સાબિત થયાં. ભક્તોની ભીડ અને પુણ્યશાળી દિવસે પણ આ બટુકોને ગુરૂદેવ દ્વારા જનોઇ આપવામાં આવી, પૂજ્યશ્રી દ્વારા જનોઇ દીક્ષા પામનારા આ બટુકો ધન્ય થઇ ગયાં. તારીખ ૧૮ મીએ ભક્તોને ખીચડી-મોહનથાળ ત્થા ૧૯ મીએ સેવ-ઉસળ અને મોહનથાળનો પ્રસાદ પીરસાયો આ પણ કેવું સૂચક છે. અમદાવાદના ભક્તોને ખીચડી... પૂર્વ-પશ્ચિમની મથામણમાં પડયા વગર બધામાં ભળી જાવ... સૌ એકજ પરિવારના છે. અને બીજે દિવસે સેવ-ઉસળ... સંસારમાં જેટલા ઉકળશો, તપશો તેટલા ફાવશો... મારો એક એક ભક્ત નવસૂત્ર અને માનવતા વ્રતના તાપમાં તપશે તો હું સેવ બની સાથે ભળી જઇશ, બાકી તમારા નમન મને પહોંચ્યા. મોહનથાળ બન્ને દિવસ... એટલા માટે કે જીવનમાં મીઠાશ અને મધુર ભાષાને સાચવજો ...મારો દરેક ભક્ત, મિતભાષી અને મધુરભાષી બને...



Scanned by CamScanner

બપોરના ત્રણનો ટકોરો થતા ફરીથી પૂજ્યશ્રીની હોલમાં પધરામણી... રાજવી પરિવેશ... ભાલ પર બે તિલક... ૐ મા ૐ ના બે ૐ તિલક સ્વરૂપે પ્રકાશી રહ્યાં હોય ત્યારે વચ્ચે 'મા' નું મુખડું અતિ શોભાયમાન થઇ રહ્યું હતું. આમેય શાસ્ત્રમાં સત્સંગનું બહુ મોટું મુલ્ય છે તો આજે તો ગુરૂપૂર્ણિમા... આજે પૂજ્યશ્રી સાથે સત્સગ એટલે ૮૪ લાખ યોનિમાથી મુક્તિ. ખુબ નસીબદાર અને પુણ્યશાળી આત્માઓ જ સદ્ભાગી થયાં હશે, છતાય હોલ ચિક્કાર હતો. કેટલાક ભાગમાં પખા ન્હોતાં, છતાંય ભક્તોને તેની દરકાર ન્હોતી.

ભાઇશ્રી મુંજાલના સુરીલા કંઠમા ગવાતુ ગીત "માડી તે મૂર્તિ મનોહર ઘડી" એક એક શબ્દમાંથી પ્રાગટ્ય મા-બાળની પ્રીત. ભક્તભાવના અને સંસારના ક્રાંતિકારી સંતની ઉત્પત્તિ... એટલુ પ્રભાવશાળી ગીત હતું કે, હોલના એકે એક ભક્તએ ભાઇશ્રી મુંજાલની કાવ્યરચના શક્તિને સો સો સલામ કરી અને પછી શરૂઆત થઇ રાજકવિ સતીષભાઇની કાવ્ય પ્રશ્નાવલિ. ગોધરા ગામના બાળપણથી શરૂ કરીને આજદિન સુધીની સેવાયાત્રાના એકે એક સ્થાનને ખૂબ ઊંચી કાવ્યભાવના સાથે એટલા સુંદર પ્રશ્નો પૂછયાં કે એમ થાય... સતિષભાઇને ગુરૂદેવ માતાજીની બદામ બે વાર તો નહીં આપતાં હોય ? એમની કુશાગ્ર બુધ્ધિ, પ્રશ્નો દ્વારા આધ્યાત્મિક ઉત્તરો, આશીર્વાદ અને સંરક્ષણ ખાત્રી ઉચ્ચારવી જ પડે એવું વાતાવરણ તૈયાર કરવાની કુનેહ... ભક્ત હૃદયને પુલકિત કરી ગયાં અને પૂજ્યશ્રી તો કવિઓના પણ કવિ... તમે રાજકવિ તો હું **"માતકવિ"** ભક્ત હૃદય વિચાર કરે કે, પ્રશ્નને વાહવાહ કહું તો જવાબને શું કહું ? શાબાશ તો કહેવાય નહીં પણ એક એક ઉત્તર પર ભક્તો પૂજ્યશ્રીની આધ્યાત્મિક વિદ્વત્તાની સરળભાષા પર આફ્રિન પોકારી ગર્વ અનુભવી રહ્યાં... પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદન...

હવે હેમંતભાઇએ પણ આખા માહોલને 'યોગીરાજના દરબાર' માં ફેરવી નાંખ્યો. છડી પોકારાઇ પ્રણામ થયાં. મુગટના હીરાઓને વંદન થયા અને ભક્તોના બિલકુલ સામાન્ય પ્રશ્નો, સામાજિક મૂંઝવણો અને શ્રધ્ધા-અંધશ્રધ્ધા પર આધારિત પ્રશ્નો પૂછાયા. જીવનની સામાન્ય બાબતને પણ પોતાના શાસ્ત્ર દ્વારા આધ્યાત્મિક માર્ગના પગથિયાં બનાવી ભક્તોને જીવનમાં સંતોષ અને શાતા મળે એવા એક એક ઉત્તરથી ફરીથી ભક્ત સમુદાય એમની સરળતા અને ભક્તઉત્થાનની ભાવનાને પ્રણામ કરી રહ્યો. પ્રશ્નો દ્વારા આખાય હોલમાં એક નવી જાગૃતિ... ચેતના પ્રસરી ગઇ...

હવે યોગયોગેશ્વર રાજયોગીજીએ યોગની કઠિન પરિભાષા- અઘરા સાહિત્યને ભક્તો માટે સાવ સરળ બનાવીને "યોગ" પર વાત કરી. કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ અને રાજયોગ. એમ ચારેય યોગની એવી સુંદર સમજ આપી કે, ગુરૂપૂર્ણિમા... યોગપૂર્ણિમા બની ગઇ. દરેક ભક્ત યોગી બને, રોગી નહીં. એટલા માટે યોગસાધનની અગત્યતા સાથેનું એમનું આશીર્વાદ પ્રવચન અતિ ઉપયોગી રહ્યું. આર્શીવચનનો એક એક શબ્દ સમજીએ તોય ઘણું...

માફ કરજો પ્રભુ... આંજે ખબર પડી કે આપ કેટલી કઠનાઇઓ પછી કેટલા તપ પછી અને કેટલા આચરણ પછી રાજયોગી બની શક્યાં હશો. આપના નામની મહત્તા અને સાદા જીવનની સામ્યતાને અમારાં કરોડો વંદન. કાશ.... આપના જીવન આચરણનુ એક બુંદ પણ અમે પામી શકીએ તો આજની ગુરૂપૂર્ણિમા સફળ મનાશે. આ યોગસાધનનું સરળ ભાષાંતર અમને જરૂરથી આપજો.



Scanned by CamScanner

ચરણ વંદનાથી વચિત ભક્તો માટે ફરીથી પૂજ્યશ્રીએ સમય કાળવ્યો ત્યારે પૂજ્યશ્રીના સ્નેહાળ મન અને આત્માને વદન કરવા આપોઆપ હાથ જોડાઇ ગયા

સાંજની નિત્ય પ્રાર્થના અને નિત્ય સ્મરણ પૂરા કર્યા પછી પૂજ્યશ્રી વિદાય થાય ત્યારે ઘડીયાળનો કાંટો ૭-૨૦ બતાવી રહ્યો હતો. જોગાનુજોગ આજે એમણે લગભગ નવ કલાક. . પ્રત્યેક સૂત્રનો એક કલાક. . ગુરૂપૂર્ણિમાને દિવસે ભક્તો માટે સમર્પિત કર્યો.

૨૦ મી જૂલાઇએ ગુજરાતના અગ્રણી વર્તમાન પત્રમાં પ્રખર જ્યોતિષી ધનરાજ પંડિત દ્વારા ગુરૂપૂર્ણિમામાં પૂજ્યશ્રીનો ઉલ્લેખ થયો. કેટલાય ભક્તો આજે પર્વ સમજતા હતા અને એટલે આજે શ્રધ્ધા કુટીરનો ચોક પણ નવા અને બાકી રહેલા ભક્તોથી ઉભરાઇ ગયો. થોડાક વિશ્રામ સાથે ફરીથી સવારના ૧૦-૦૦ થી ૮-૦૦ સુધી ભક્ત વદના સ્વીકારવા પૂજ્યશ્રી કુટીરમા પધાર્યા. આજે પણ લગભગ ૭૦૦ ભક્તોએ વદના કરી કૃતાર્થતા અનુભવી. પૂજ્યશ્રીએ, સેવ મોહનથાળનો પ્રસાદ કરાવડાવ્યો. મારે આંગણેથી કોઇ ભક્ત ભૂખ્યો ન જાય. આપની આતિથ્ય ભાવનાને પણ વંદન અને જે ભક્તોએ જાત મહેનત કરી આ વ્યવસ્થા ગોઠવી તેમને અભિનંદન.

અમને સૌને જન્મોજન્મ આપનું શિષ્યત્વ મળી રહે એવી મા ગાયત્રીને પ્રાર્થના સાથે પી. જી. મહેતા મેમોરીયલ હોલને કહ્યું. ફરીથી મળીએ સાતમી સપ્ટેમ્બરે...

**ૐ મા ૐ**

**ગુરૂપૂર્ણિમાની સંધ્યાએ પૂજ્ય ગુરૂદેવે 'યોગ' વિષે પોતાનું વક્તવ્ય રજુ કર્યું હતું તેમજ રાજકવિ સતીશભાઇ અને શ્રી હેમંતભાઇ ઉપાધ્યાયના પ્રશ્નોના જવાબો પોતાની શૈલીમાં આપી ભક્ત સમુદાયને મંત્રમુગ્ધ કરી દીધા હતા.**

## : યોગ :

(રાજયોગી નરેન્દ્રજી)

ગાયત્રી માતાના વહાલાં બાળકો

આજે આપણે 'યોગ' વિષે જાણવા અને સમજવા પ્રયત્ન કરીએ.

યોગ મીટાવે ભોગ ને રોગ

યોગ મીટાવે માયાની મલિનતા

યોગ કરાવે ભવસાગર પાર

યોગ સધાવે પરમનો વિયોગ

યોગ એટલે જીવાત્માનું પરમાત્મા સાથે સંયોજન થાય સાયુજય સધાય.

યોગ દ્વારા મનુષ્યને પોતાના ઇષ્ટદેવના સ્વરૂપમાં પરમાત્માના દર્શન થાય.

પરમાત્મા સાથે ઐકયતા સાધી શકાય, તેનામાં એકાકાર થઇ જવાય તેજ યોગની સાચી ફળશ્રુતિ.



Scanned by CamScanner

આવી પરિસ્થિતિ ક્યારે સર્જાય ?

આપણે ઉપાસનાનો પાયો (base) મજબૂત અને નક્કર કરીએ ત્યારે જ.

ઘણા ઉપાસકોને મનની સ્થિરતા જ રહેતી નથી. ઉપાસના દરમિયાન, જપ કરતાં, ધ્યાન કરતાં આનંદ આવતો નથી. બગાસા આવે છે. નિરસતા લાગે છે, મનની એકાગ્રતા સાધી શકાતી નથી.

આવું કેમ બને છે તેનો આપણે કદી વિચાર કર્યો છે ખરો ?

ઇમારત ચણવા માટે મજબૂત પાયાની જરૂર પડે છે. ઇમારતની ઊંચાઇ પ્રમાણે તેના પાયાની ઊંડાઇ અને સંગીન નક્કરતાની જરૂર રહે છે. તેવી જ રીતે ઉપાસનાની ઇમારત ચણવા માટે મજબૂત અને નક્કર પાયાની આવશ્યકતા છે.

પહેલું ધોરણ કે બાળપોથી ભણ્યા વગર આપણે યુનિવર્સીટીની પદવી પ્રાપ્ત કેવી રીતે કરી શકાય?

આપણે તો ઉપાસનાની બારાક્ષરી ભણતાં પહેલાંજ માતાજીના પરમાત્માના દર્શન કરવાં છે એ કેવી રીતે બને ?

ઉપાસનાની ઇમારત ચણતાં પહેલાં આપણે સદાચારી અને સદ્ગુણી બનવું પડે. ધ્યેય નિષ્ઠ અને કર્તવ્ય નિષ્ઠ બનવું પડે. ઉપાસનાની ઇમારતના પાયાને મજબૂત અને સંગીન બનાવવા માટે

ષડરિપુનું નિયંત્રણ

મન, વચન, કર્મની એકયતા

માનવતા વ્રતનું આચરણ

નવ સિધ્ધાંતોને જીવનમાં આત્મસાત કરવાં પડે.

આ ચાર પાયાના મજબૂત સ્થંભો છે તેના પર ઉપાસનાની ઇમારત ઘણી ઊંચાઇ સુધી ચણી શકાશે. આનંદ, શાંતિને સુખનો સાત્વિક ખજાનો આપણી અંદર જ છે. આપણે ફક્ત શુધ્ધ આંતરદૃષ્ટિ જ કેળવવાની જરૂર છે.

યોગના માધ્યમ દ્વારા ઉપાસક ઉપાસનાના શિખર સુધી પહોંચી શકે છે. અને પરમાત્માના દર્શન કરી શકે છે, એકયતા સાધી શકે. માયાના આવરણમાંથી પરમાત્માના મંગલમય આવરણમાં સહેલાઇથી પહોંચી શકે છે.

યોગી થાવું છે મારે યોગી થાવું છે.
યોગી થઇ મારે પરમમાં સમાવું છે.
જ્ઞાન, ભક્તિને કર્મ યોગને
મારે રાજમાર્ગ બનાવવો છે, મારે યોગી...
માયાના મહાસાગરને તરવા
મારે યોગની નાવમાં બેસવું છે
ભાવનાનું ભાથું સાથે લઇને
મારે પરમના ધામમાં પહોંચવું છે, મારે યોગી...



Scanned by CamScanner

પ્રારબ્ધ કર્માનુસાર જીવાત્મા સંસારમાં જન્મ ધારણ કરે છે. પ્રારબ્ધ અનુસાર દેહનો આકાર, શરીર સંપત્તિ, સ્વાસ્થ્ય માતાપિતા, સગાંસહોદર, પતિ કે પત્નિ, ધન, સંપત્તિ, વૈભવ વિગેરે પ્રાપ્ત થાય છે.

પ્રારબ્ધ અને પુરૂષાર્થના સહિયારા પ્રયાસથી વ્યક્તિ જીવનમાં ઉન્નત્તિ કે અવનતિના માર્ગે પ્રયાણ કરે છે-કરતો રહે છે.

બાળપણ વિત્યા પછી- જીંદગીના પાંચ વર્ષ પછી જીવાત્મા ધીમે ધીમે માયાના આવરણમાં અટવાતો જાય છે, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો પ્રવેશ જીવનમાં ધીમે ધીમે થતો જાય છે. અને મન પર તેનું નિયંત્રણ જમાવતો જાય છે. આ છ આસુરી વૃત્તિઓને આપણે ષડ્‌રિપુ તરીકે જાણીએ છીએ.

લોભ, અસંતોષ, ઇર્ષ્યા અને અહમ્‌નું આવરણ ઘટ્ટ બનતું જાય છે. સંસારની માયા અને ક્ષણિક ‍ ુખો ભોગની પાછળ માણસ મૃગજળની જેમ દોડે છે. અંતે હારી જાય છે, થાકી જાય છે શારીરેક અને માનસિક અસ્વસ્થતાથી તે બેચેન-નિઃસહાય બની જાય છે. આવે સમયે જો મનુષ્યના પ્રારબ્ધ કર્મો સાત્વિક હોય તો સાચા સંત કે સદ્‌ગુરૂનું શરણ તેને મળે છે. જો અસત્‌ કર્મો પ્રારબ્ધ રૂપે મળ્યાં હોય તો સંસારની અસાત્વિક, દુર્ગુણોની માયાજાળમાં તે વધારે ફસાતો જાય છે અને અધોગતિ પ્રાપ્ત કરે છે.

સત્સંગથી મનુષ્યને સાત્વિક આચરણમાં રૂચિ જાગે છે. સજ્જન બનવા તે પ્રયત્નશીલ બને છે. સંતનો સમાગમ, સદ્‌ગુરૂનું માર્ગદર્શન તેને ક્રમે ક્રમે પરમના પંથે, સાત્વિક પંથે દોરે છે. પરમાત્મા સાથે સંયોગ કરવાના, આત્માનુસંધાન કરવાના પ્રયત્નોમાં તેને રૂચિ જાગે છે. પરમાત્માના પોતાના ઇષ્ટદેવના દર્શનની, અનુભૂતિની, ઐકયતા સાધવાની તેને ઉત્કંઠા જાગે છે, અને જીવનને ઉર્ધ્વગામી, સાત્વિક બનાવવા તે પ્રયત્નશીલ બને છે.

પરમાત્મા સાથે સંયોગ કરવાના વિવિધ માર્ગો-વિવિધ સાધનો છે તે આપણે જોઇએ.

(૧) કર્મ

(૨) જ્ઞાન

(૩) ભક્તિ

(૪) રાજ

**કર્મયોગ :-**

મનુષ્ય પોતાના ક્ષેત્રમાં-મર્યાદામાં રહીને તન, મન, ધનથી જે કંઇ સાત્વિક, જનહિતાર્થે કર્મ કરે તે સઘળું કર્મ નિઃસ્વાર્થ ભાવે, પ્રભુપ્રિત્યર્થે, દાસ્યભાવે કરેલું હોવું જોઇએ. નિઃસ્વાર્થભાવ, નિષ્ઠા અને પ્રેમભાવથી જનહિતાર્થે કરવામાં આવતાં આવાં કાર્યોમાં આપણને કોઇકની અણધારી, મદદ મળી જાય છે. ઇશ્વરનો અવાજ, માર્ગદર્શન આપણને આંતર્‌સ્ફુરણા દ્વારા મળી જાય છે.

કર્મયોગ દ્વારા વિવેક, વિનય, નમ્રતા સમજદારી, સહનશીલતા, સત્યનિષ્ઠા અને સત્યપાલનના ગુણો કેળવવા જોઇએ જેથી આપણા વાણી, વર્તન વ્યવહારથી અન્યને શાન્તિ મળે, આનંદ આવે, વિશ્વાસ બેસે. કર્મયોગી થવા માટે સંસાર છોડવાની કે સન્યાસ ધારણ કરવાની જરૂર નથી. જરૂર છે ફક્ત



Scanned by CamScanner

અનાસક્ત ભાવ કેળવવાની. સંસારમાં રહીને જ સંસારના બધા જ કર્મો ફરજની રૂએ પરંતુ નિર્લેપ ભાવે, ઉત્સાહથી કરવાં જોઇએ. કર્મયોગીએ પોતાનું ચારિત્ર્ય નિર્મળ-પારદર્શક રાખવું જોઇએ. સંસારનાં કે સેવાના કાર્યો કરતાં કરતાં પણ ચિત્ત પરમાત્મા સાથે સધાયેલું જ રહેવું જોઇએ. નામ સ્મરણ, મંત્રજાપનો પ્રવાહ અવિરત પણે આપણી ભીતર વહેતો જ રહેવો જોઇએ, જેથી મનના આવેગો, તરંગોનુ શમન થાય, મનોબળ મજબુત થાય અને મનની શક્તિ એટલી બધી સાત્વિક અને ઉર્ધ્વગામી બને કે તે પરમાત્મામા-પોતાના ઇષ્ટદેવમાં ઓતપ્રોત થઇ જાય.

ગોકુળની ગોપીઓને મહીં વેચતાં પણ માધવનું નામ જ હોઠ પર રહેતું. વ્યક્તિને દરેક કાર્યમાં અને દરેક જગ્યાએ પરમાત્માની ઉપસ્થિતિની-હાજરીની પ્રતીતિ થાય, પરમાત્માની ઇચ્છા જ સર્વોપરી માને ત્યારેજ તે સાચો કર્મયોગી બની શકે અને તેનું દરેક કર્મ પ્રભુનો સંયોગ કરાવવામાં સક્રિય બની જાય.

**જ્ઞાનયોગ :-**

પરમાત્માના દર્શન કરવા માટે, તેની સાથે સાયુજય સાધવા માટે, તેનામાં ઓતપ્રોત, થઇ-ઓગળી જવા માટે મનુષ્યે જીવ-જગત અને સંસારની ઉત્પત્તિ અને તેના હેતુ વિષે જાણકારી મેળવવી જોઇએ. મનુષ્યે,

હું કોણ છું,

મારૂં અસ્તિત્વ શાને માટે છે ?

મારે જગતમાં શું કરવાનું છે ?

આ બધી જાણકારી મેળવવા માટે તેણે આધ્યાત્મિક જગતમાં પ્રવેશવુ પડે, આંતરમુખ થવુ પડે, સત્‌વાંચન, સત્‌સંગ, સદ્‌ગુરૂ-સાચાસંતનો સમાગમ, મનુષ્યને જ્ઞાનના પ્રવાહમાં સહેલાઇથી, સાહજીકતાથી વહેતો કરે છે. તેની આંતરચેતના પ્રજ્વલિત થાય છે. તેનામાં પડેલી, સુષુપ્ત શક્તિઓ પ્રવૃત થાય છે. મનુષ્ય સદ્‌ગુણી બને છે. દરેક આત્મામાં પરમાત્માના અંશના દર્શન કરે છે. તેનો અહમ્ ઓગળી જાય છે. તેનુ વ્યક્તિત્વ પ્રભાવશાળી અને પ્રતિભા સંપન્ન બને છે. તેનામાં મન-વચન કર્મની ઐકયતા સધાય છે જેથી તેનુ જીવન એક પ્રેરણા સ્ત્રોત બની રહે છે.

ઇશ્વરની ઉપસ્થિતિનો, અસ્તિત્વનો, સર્વવ્યાપકતાનો અહેસાસ અને અનુભૂતિ તેને થવા લાગે છે. ષડ્‌રિપુઓ નિયંત્રણમાં આવી જાય છે. દૈવી ગુણોથી તે સભર બને છે. તેનું જ્ઞાન અને કર્મ પ્રભુ પ્રિત્યર્થેજ હોય છે જેથી તે કર્મબંધનમાં લેપાતો નથી.

**ભક્તિયોગ :-**

ભક્તિ એ અધ્યાત્મ જીવનનું હૃદય છે. ભક્તિ હંમેશાં જીવનમાં ધબકતી-વહેતી જ રહેવી જોઇએ. ભક્ત અને ભગવાનનું ઐકય સાધવા માટે ભક્તિયોગ સરળ અને નક્કર રાજમાર્ગ છે. ભક્તિયોગમાં શ્રધ્ધા અને શરણાગતિનું અદકેરૂં મહત્ત્વ છે.

સેવા, પૂજા, મંત્રજાપ, નામસ્મરણ, ધ્યાન, ભજન, કીર્તન, પ્રાર્થના, સત્સંગ, સ્વાધ્યાય વિગેરે પરમાત્માનો સંયોગ કરાવનારાં સાધનો છે. પરમાત્માને અંતરના ઊંડાણથી, પ્રેમથી, ભાવથી,



Scanned by CamScanner

આત્મિયતાથી, પ્રાર્થનાની, પુકારવાની, યાદ કરવાની એક પ્રક્રિયા છે.

નિર્મળ હૃદય, નિર્લેપ વ્યક્તિત્વ, અહમ્, ઇર્ષ્યા, લોભનું નિર્મૂલન હોય તો જ પરમાત્મા સાથે એકયતા સાધવાનો આ રાજમાર્ગ વધુ સ્પષ્ટ, સ્વચ્છ અને સરળ બને છે. ભક્તનું ભોળપણ-બાળસહજ નિર્દોષતા અને પ્રેમ નીતરતું હૃદય ભગવાને ભીજવી જાય છે.

પરમાત્મા સિવાય અન્યમાં ચિત્ત સ્થિર ન થાય, સંસારના કાર્યો ફરજની રૂએ કરવા છતાં તેમાં આસક્તિ ન જન્મે, પરમાત્માનું દર્શન, શ્રવણ અને મનન જ સમસ્ત અસ્તિત્વમાં છવાયેલું રહે. આવા પ્રેમ નીતરતા ભક્તો સાથે પરમાત્મા સ્વયમ્ તાદાત્મ્ય સાધે છે. આવા ભક્તોના સઘળાં જીવન અને જગતના કાર્યો પરમાત્મા સ્વયમ્ આવીને કરે છે. આવા શરણાગત ભક્તોનો આપત્તિકાળ પરમાત્માની કૃપાથી સહેલાઇથી પસાર થઇ જાય છે. ભક્તિયોગ દ્વારા જ નરસિંહ મહેતા, મીરાંબાઇ. સખુબાઇ વિગેરે ભક્ તે જીવનમાં પરમાત્માનો અનુગ્રહ પ્રાપ્ત કર્યો હતો.

**રાજયોગ :-**

રાજયોગ એ યોગની સાધનાનો એક પ્રકાર છે. રાજયોગમાં મુખ્યત્વે ચિત્તની શુધ્ધિ, મનોનિગ્રહ, ધ્યાન ઉપાસના, સમાધિ દ્વારા પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનો મુખ્ય ધ્યેય છે.

સંસારમાં રહીને બધીજ જાતના સુખસાહ્યબી, વૈભવની વચ્ચે જીવવા છતાં તેમાં લેશમાત્ર આસક્તિ ન હોય, અને ચિત્ત સદાય પરમાત્મા સાથે જ અનુસંધાન કરતું હોય તેવી વ્યક્તિ રાજયોગી કહેવાય. તેનામાં કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિ યોગનો ત્રિવેણી સંગમ સદાય છે. યોગની પુષ્ટિ માટે જરૂરી સાધનો.

પરમાત્મા સાથે સાયુજ્ય સાધવા માટે સાનુકૂળ આરોગ્ય પ્રદ શરીર અને તંદુરસ્ત મનની આવશ્યકતા છે.

શરીરનું તંત્ર સુવ્યવસ્થિત અને નિયંત્રણમાં રહે તે માટે સાત્વિક, સમતોલ, શુધ્ધ, પૌષ્ટિક આહાર જ રૂચિ અનુસાર લેવો આવશ્યક છે, જેથી પંચમહાભૂતોનું બનેલું આ શરીર રૂપી યંત્ર યોગ સાધના માટે ક્ષમતા કેળવી શકે. ખોરાક એ પરમાત્માનો પ્રસાદ પરમાત્મા આરોગી રહ્યાં છે તેવી ભાવના સાથે સાત્વિક, આહલાદ્ક અને આનંદની પળોમાં જમવો જોઇએ જેથી તેનું યોગ્ય પાચન થઇ શકે.

નિયમિત કસરત, પ્રાણાયામ, યોગાસનો, સ્વાધ્યાય, ધ્યાન વિગેરે દ્વારા શરીર અને મનનું નિયત્રંણ કરી શકાય છે. જેથી પરમાત્મા સાથે સંયોગ સાધવામાં શરીર અને મનની એકાગ્રતા સરલ બની શકે. શરીર સ્વાસ્થ્ય જળવાઇ રહે અને રોગમાંથી મુક્તિ મળી શકે. આપણી અંદર જ રહેલા શિવ-પરમાત્માની સાથે જીવનું અનુસંધાન સાધી આત્માનંદની અનુભૂતિ કરી શકાય.

યોગમાં આવતા અંતરાયો-વિઘ્નો-

મનુષ્યની તમસ અને રજસ પ્રકૃતિ

તેના યોગના માર્ગમાં અવરોધ રૂપ નીવડે છે.

"હું યોગમાં આગળ વધેલો છું"



Scanned by CamScanner

"મારી પાસે ઘણી બધી યોગિક સિધ્ધિઓ આવી ગઇ છે"

"હું ધારૂં તે કરી શકું છું"

આવો અહમ્ ભાવ, ક્રોધ તેને યોગમાં આગળ વધતો અટકાવે છે. પ્રભુનો સંયોગ થવાના રાજમાર્ગ પર અધવચ્ચે જ તે અહમ્‌માં અટવાઇ જાય છે.

ઘણી વખતે યોગ માર્ગે ગતિ કરતા ઉપાસકની પ્રભુ પરીક્ષા પણ કરે છે. નિરાશા, વિષાદ, માંદગી, આળસ, ઉત્સાહભંગ, પ્રલોભનો, જેવા અંતરાયો તેને આગળ ગતિ કરતા અટકાવે છે.

પરંતુ પરમાત્મામાં સંપૂર્ણ શ્રધ્ધા અને શરણાગતિ રાખીને યોગ માર્ગના યાત્રીએ "એક ધ્યેય" "એક લક્ષ્ય"- પરમાત્માનું સાયુજય, પરમાત્માનું દર્શન, મિલન ને જ વળગી રહેવું જોઇએ. આ બધા ક્ષણિક બાહ્યવરોધોથી ચલિત થવું જોઇએ નહિં. ધ્યેય નિષ્ઠાને વળગી રહેવાથી પરમાત્માનું અણધાર્યું બળ, માર્ગદર્શન મળતું રહેશે, રાગદ્વેષ નાશ પામશે અને પરમાત્માની કસોટીમાંથી પાર ઉતરી જવાશે.

યોગમાર્ગે ચાલતા મનુષ્યને જગતના આંતરિક અને બાહ્ય અવરોધો ઉપરાંત અન્ય જગતના અવરોધો પણ નડે છે. ગાંધર્વ, પક્ષ દેવલોકના પ્રલોભનોમાં ને અનુભવોમાં તે અટવાઇ જાય છે. આવા અંતરાયોમાંથી બચવા માટે તેણે મનોનિગ્રહ કરી ધ્યેયસિધ્ધિને લક્ષમાં રાખીને પરમાત્માનું દર્શન થાય, ત્યાં સુધી અને ત્યાર પછી પરમાત્મા સાથે સતત સાનિધ્યમાં રહી શકાય તેવો યોગ સાધનાનો પુરૂષાર્થ અવિરતપણે ચાલુ રાખવો. પોતાના શરીર-મનના આવેગોનું નિયંત્રણ કરવા માટે પરમાત્મા સતત નામસ્મરણ મંત્રજાપ, અને સાનિધ્ય અતિ આવશ્યક બની રહે છે. નહિતર અન્ય લોકના બાહ્ય આવરણોમાં-પ્રલોભનમાં મનુષ્ય ફસાઇ જાય છે પછી યોગની સીડીની ટોચ પરથી તે પટકાઇ જાય છે અને ફરીથી ટોચ પર પહોંચવુ તેના માટે અતિ દુષ્કર-મુશ્કેલ બની જાય છે.

પ્રબળ વિવેક શક્તિ ધરાવતો મનુષ્ય અન્ય લોક તરફથી આવતા પ્રલોભનો-અવરોધોને દૂર કરી આધ્યાત્મિક પથ પર નિડરતાથી ડગ માંડી પરમાત્માનું દર્શન કરવા માટે નિર્વિકલ્પ સમાધિ અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રયત્નશીલ રહે છે.

અર્વાચીન જગતમાં ઇન્દ્રિય સુખ-આનંદ માટેના અનેક પ્રલોભનો સાધનો ઉપલબ્ધ છે પરંતુ બધાજ ક્ષણિક છે. તેમાં સંસ્કારિતાનું, આધ્યાત્મિકતાનું વિજ્ઞાન નથી.

જે વ્યક્તિ પાસે પ્રબળ વિવેકશક્તિ અને દઢ મનોબળ હશે તે જ વ્યક્તિ જીવનના સાત્વિક, ઉચ્ચતમ લક્ષ્ય-પરમાનંદ પામી પરમનું ઐક્ય સાધી શકશે.

પરમાત્મા સાથે ઐક્ય સાધવા માટે આપણે ઇશ્વર રચિત પ્રત્યેક વસ્તુમાં, જીવમાં, સારી બાજુ, સદ્‌ગુણ, ઉપયોગિતાને જોવાના આગ્રહી બનીએ, "Positive attitude" કેળવીએ. ઇશ્વર નિર્મિત બધી જ પરિસ્થિતિમાં ઇશ્વરનાં જ દર્શન કરવા જો આપણે આપણા મનની નકારાત્મકતાને દૂર કરી શકીશું, અને હકારાત્મક વલણને વિકસાવીશું તો જ બધા જ સ્વરૂપોમાં આપણે ઇશ્વરનાં દર્શન થશે.

ૐ મા ૐ



Scanned by CamScanner

# ગુરુપૂર્ણિમા

"સતિષભાઇ" તા. ૧૯-૭-૯૭ શનિવાર

(૧) સતિષભાઇ :- વતન માદરે ગોધરાને સલામો
ભરી તોય યાદો હજુ તાજી શાને ?

રાજયોગીજી :- વિતાવ્યા ચાર દાયકા વતનમાં
મા-બાળની વાતો ગૂંજે કાનમાં
જીવન બાગમાં પ્રગટે વસંતો
વસંતોની યાદને ન હોય પાનખર.

(૨) સતિષભાઇ :- હતી શામ 'હૅસી-ખુશી' ની ભલે એ
લીલી છમ વર્તાય છે આજ શાને ?

રાજયોગીજી :- હતી માતની અમાનત એ શામે
પૂર્યા રંગો, સજાવટ કીધી ખુદે
અગોચર રહી અમી છાંટ દીધી
દીસે માનવીને હરિયાળી આજે.

(૩) સતિષભાઇ :- દિલોજાં એ દોસ્તીની દાસ્તાં તમારી
હતી ઓટલાની પરિષદ એ ન્યારી
રમો દાંડીયા માતની સાથ તોય
નગારાં એ રણ-છોડની યાદ શાને ?

રાજયોગીજી :- હતો એ બાપુ શહેરા ભાગોળ તણો
પડે સાદ, સૌ દોડતા થાતા
ધારણ થાતો માનવતાનો સાદ
હતો એવો દરબાર બાપુનો
નગારાં હતાં ધબકારો હૃદયનાં
હતાં દાંડીયા રાસ શરણાગતિના
રાસ રંગતનો આજ અનુભવ થાતો
વિરહ સાલે એ નગારાને.

(૪) સતિષભાઇ :- છો રાજયોગી અમારા જગતના
હજુ તોય કિશોર "નરેન્દ્ર" શાને ?

રાજયોગીજી :- છે સન્મુખ રાજયોગી તમારા
માતને મન બાળ ભાસે
બાળરૂપે સૌના હૃદયમાં બિરાજુ
હૃદયમાં બિરાજીને અર્પુ શાતા.



Scanned by CamScanner

(૫) સતિષભાઇ :- ભલા ! ભગવા આ હૃદયમાં તમારા
હજુ મેઘધનુષ ચીતરાવ શાને ?

રાજયોગીજી :- વૈરાગ્યને સંસારનો સંગમ
મેઘધનુષ નહીં મયુરપંખ
નિલોષામાં નિત નિત નવિન રંગો
કરી મિશ્રણ અર્પુ સુખશાંતિ સર્વને.

(૬) સતિષભાઇ :- સદા હસતા આ વદન પર તમારા
કહો આંસુનો મુક્ત વિહાર શાને ?

રાજયોગીજી :- સળગતા હોય જીગર
હસતું વદન રાખે
પરંતુ હાસ્ય એના એ
રૂદન કરતાં અતિ ભયંકર છે.
આંસુનો વિહાર એ જ ભાષા
સદા હસુ-હસાવી જાણું
વિયોગ માતનો ટપકાવે મોતીઓ
ભીની પાંપણોમાંથી.

(૭) સતિષભાઇ :- નહીં એક વેળા, ઘણીવાર ભેળા
ખરા પશ્ચિમે, માનવીના જ મેળા
મૂક્યા મેજ પર કાગળો અલવિદાના
રમે છે હજુ શેં સદા આંખ સામે.

રાજયોગીજી :- હતા કાગળો પશ્ચિમની સફરના
સૂણાયા કાને સત્તાવાહી અવાજો
શુધ્ધ કરવું હશે કમળને માતે
હજુ આજ રમે નજરો સમક્ષ.
વહાણાં વિતાવ્યાં ચૌદ વર્ષના
અગોચર રહી કરી કરામત
હિસાબ દીધો વ્યાજ સહિત
માતે રચાવ્યાં માનવીઓનાં મેળાં-પશ્ચિમે.

(૮) સતિષભાઇ :- મળે જનની જ્યારે પૂછી જૂઓને
મળ્યાં માત મા-ભોમની યાદ શાને ?

રાજયોગીજી :- મળે જનની, પ્રસંગ પાવન થાયે
રંગાઇ જાઉ, વહાલપની ઉદ્‌ધિમાં



Scanned by CamScanner

જન્મથી મા-ભોમ સાથ આવીયાં
ઉધાનમાં સાથે યાદ કેમ ન આવે ?

(૯) સતિષભાઇ :- મળ્યો મોકળો માર્ગ મોટરને તોય
હજુ સાયકલ કીંકીણી યાદ આવે
હતું ધ્યાન સંસારનું આપ સામે
હવે માતશ્રીનું કહો એમ શાને ?

રાજયોગીજી :- ગતિ શ્વાસની મોટર દોડે
હતો અગ્નિ આવી મળ્યું ઘી
કસોટી કનકની થાયે
પાર ઉતરવા કસોટી, કિંકીણી યાદ આવે.
હતો બાળ સંસાર સામે
રહે ચક્ર ફરતું સમયનું
આજ ઉભો બાળ-માત સાથે
ધરે ધ્યાન પરમેશ્વરીનું.

(૧૦) સતિષભાઇ :- ધર્યો છે જગે ઝભ્ભો-ઉધ્ધારવાને
કરે સૂટ-સાફો છતાં સ્નેહ શાને ?

રાજયોગીજી :- છું રાજકુંવર માત તણો
રજવાડી સમો રાજવેશ શોભે
વળી અર્પ્યો માતે રાજયોગ આલમમાં
છતાં વેશ ધારણ કીધો દેશકાળ સરીખો.

(૧૧) સતિષભાઇ :- રે સુજ્ઞ ! વસ્ત્રો વપુ ઢાંકવાને !
છતાં, આંખ કપડે કરચલીની સામે !

રાજયોગીજી :- નિહાળી પીળું પિતામ્બર
લક્ષ્મી વરી વિષ્ણુને
એક નૂર આદમી
કરોડ નૂર કપડાં
પરમતત્ત્વ નિહાળે પ્રેમથી સ્વચ્છતાને.

(૧૨) સતિષભાઇ :- વસી છે વસંતો વિના શર્ત તોય
ઉદાસીન છે શ્રધ્ધા-સંસાર શાને ?

રાજયોગીજી :- વસાવી વસંતો પયપાન રૂપે
નજરો સમક્ષ, સંસારી ભાસે
ભરી રહ્યો છું, ભસ્મ હૃદયમાં



Scanned by CamScanner

સંસારમાં કમળ સરીખો રહું.

(૧૩) સતિષભાઇ :- મળી છે કંઇ કેટલી પ્રીત જગથી
છતાંય સુદામો સતીષ યાદ શાને ?
રાજયોગીજી :- હોતા નથી સરવાળા કે બાદબાકી જગની પ્રીતની
જે હોય છે તે ગુણાકાર એકલા
અંકાય છે અક્ષરો સુદામા સતીષના
જેથી નામ અપાયું 'રાજ કવિ' તણું.

(૧૪) સતિષભાઇ :- છે આજનું પર્વ પણ આપનું તો
મુકો મસ્તકે હસ્ત છે વાર શાને ?
રાજયોગીજી :- ગુરૂપૂર્ણિમા આવી
ગુરૂ યાદ આવ્યા
મુકાવી હાથ મસ્તકે
આશીર્વાદ લીધા
જીવનમાં નવું જોમ પ્રગટયું.

(૧૫) સતિષભાઇ :- તમારૂં જ તમને લખું છું પરંતુ
ઉપસે છે તસ્વીર કાગળમાં શાને ?
રાજયોગીજી :- લખો તમે દિલ બોલે
પ્રેમની પિચકારી છૂટે
છૂટેલ પિચકારી મહીંથી શબ્દો પ્રગટે
એ શબ્દો નહીં, તસ્વીર ભાસે.

(૧૬) સતિષભાઇ :- નથી આપ સમ, હાથ ઉદાર તેનો
ધરૂં હાથ તો એ પૂછે છે કે શાને ?
રાજયોગીજી :- ઉદાર નથી તેના જેવું કોઇ
હું જે કાંઇ તેના થકી છું
અનુભવે સમજાઇ જાયે
અજાણ્યાં હસ્તને પૂછવું પડે.

(૧૭) સતિષભાઇ :- રહી ના કશી બાકી પણ ઇશ પાસે
હતી જે દુવા તે તમે બાંધી લાવ્યા
દુવા-પોટલી છોડવામાં ઉદારી
જાહેર છે, ઇશ છો અન્ય શાને ?
રાજયોગીજી :- નથી થાવું ઇશ્વર
જગત ભાંડે ઇશ્વરને



Scanned by CamScanner

નથી પોટલી બાંધી રાખી દુવા-તણી

દુવા મળે જો તેટલી આપું.

(૧૮) સતિષભાઇ :- સુધા કુંભ લઇ માત ઉભાં છો સામે

કરો કુંભ ખાલી, વિચારો ના શાને ?

તૃષાને પૂછો ના તમન્ના છે શાને ?

તૃષા બસ કહે તો તૃષા નામ શાને ?

રાજયોગીજી :- આ અમૃત તણો ખજાનો

ઉલેચો હોય જેટલી શક્તિ

નીરખી અમૃતને ભાન ભૂલે સર્વે જનો

પામવા અમૃતને સ્ફટીક બનવું પડે

સ્ફટીકને અમૃતનો સંયોગ

હરરોજ દિવાળી આવી મળે.

## ૐ મા ૐ

## "ગુરૂપૂર્ણિમા"

હેમંત ઉપાધ્યાય

તા. ૧૯-૭-૯૭

**યોગીરાજનો દરબાર**

પૂજ્યશ્રીના ચરણોમાં પ્રણામ ત્થા CAP ને નમન.

C = Co -operator સેવાકાર્યના સહાયક - પૂ. ઉષાબ્હેનજી

A = Administrator સેવાકાર્યના વ્યવસ્થાપક - પૂ. બ્હેનજી

P = Promotor સેવાકાર્યના પ્રોત્સાહક - પૂ. મમ્મીજી

**પ્રશ્ન (૧)** **શ્રધ્ધાથી નથી કર્યા ધર્મના કામ**

**શ્રધ્ધાથી નથી લીધાં પ્રભુના નામ**

**બાધાઓ તમારી રાખીએ તો**

**કરી દેશો અમારાં કામ ?**

પૂ. રાજયોગીજી :- બાધાઓનો કરો બહિષ્કાર

શ્રધ્ધા બીન જીવન પાનખર

જલાવો જ્યોત શ્રધ્ધા તણી

પાર કરો જીવનસાગર.

**પ્રશ્ન (૨)** **મનની મતિ સૂઝે અવળીગતિ**

**તો શું કામ કરે અમારી શરણાગતિ ?**



Scanned by CamScanner

પૂ. રાજયોગીજી :- મનની મતિ માંકડા સરીખી
નાથી માંકડાને કરો સ્થિર
રાખો શરણાગતિ જીવનમાં
થાશે બેડો પાર...

**પ્રશ્ન (૩)** **વ્રત માનવતાનું એક દિવસ**
**બાકી જગકંકાસના છ**
**તમ ચરણોમાં નમન એકવાર**
**તો કેવી રીતે કરશો બેડો પાર ?**

પૂ. રાજયોગીજી :- પા પા પગલી શીખવું પડે
બાદ ચાલવું, દોડવું પડે
શરણાગતિ થકી નમન જો થાયે
આશિષ થકી થાયે બેડો પાર.

**પ્રશ્ન (૪)** **સદ્‌ગુરૂ શોધતાં જડે નહીં**
**એમના વગર સૌ લાચાર**
**જીવન કેરા ઝંઝાવતોમાં**
**કયો બતાવો ઉપચાર ?**

પૂ. રાજયોગીજી :- સદ્‌ગુરૂ સામને નવ આવે
લાચારી છે છટકબારી
દીવો લઇ શોધવાં પડે
શોધતાં શોધતાં મળી આવે સાચો હીરો.

**પ્રશ્ન (૫)** **શ્રધ્ધાને દ્વારે એક દરવાન**
**શરણાગતિનાં ખુલ્લા દ્વાર**
**ત્રણ તપાસમાં ઉતરે પાર**
**તો જ થાય દર્દ તણો ઉપચાર ?**

પૂ. રાજયોગીજી :- શ્રધ્ધા દ્વારે માતનો બાળ
શરણાગતિ રહે સદા અતૂટ
શ્રધ્ધા, શરણાગતિ, માનવતા વ્રતમાં જો ઉતરે પાર
થાયે દર્દ તણો ઉપચાર.

**પ્રશ્ન (૬)** **શ્રધ્ધાથી આચરે તો બને શ્રધ્ધા દીપક**
**માનવતા વ્રતથી પ્રકાશે હૃદય દીપક**
**સંસાર તણી માયાઓમાં**



Scanned by CamScanner

**કોણ અજવાળશે અમ જીવન દીપક ?**

પૂ. રાજયોગીજી :- પ્રગટે દીપક શ્રધ્ધા-માનવતાનો
અજવાળે તમ જીવનપથ
બની રહો કમળવત્ મા ના
અજવાળશો તમ જીવન.

**પ્રશ્ન (૭) સૂત્રો બનાવ્યા નવ ને મન એક**
**ઉપદેશો અનેક આપે ને માનવ એક**
**સત્કર્મોની વણઝાર ને હૃદય એક**
**વ્યાધિ, ઉપાધિ ઘણી ને જીવન એક**

પૂ. રાજયોગીજી :- મલક વિશાળ મનતણું
બુધ્ધિ અગાધ માનવતણી
ઉર્મિઓ અનેક હૃદયમાંહિ
જીવનમાં સમાવો ૐ મા ૐ

**પ્રશ્ન (૮) સત્ય અને અહિંસાએ**
**દેશને દીધી આઝાદી**
**કયા ઉપચારથી તમે**
**રોકશો અમ જીવન બરબાદી ?**

પૂ. રાજયોગીજી :- માનવતા વ્રત થકી માયામાં
થાશે જીવનની આબાદી.

**પ્રશ્ન (૯) જોગી હોય તોય રાજ કરે**
**ભક્ત હૃદય પોકાર કરે**
**હૃદય ક્રાંતિના ઓ જન્મદાતા**
**ક્યાંથી કેળવીએ અમે માનવતા ?**

પૂ. રાજયોગીજી :- હૃદયના સાત્વિક ભાવો થકી
બની માનવી ઓળખો માનવને
પ્રગટાવો ચિનગારી ભક્તિ તણી હૃદયમાં
આવી મળશે માનવતા હૈયામાં.

**પ્રશ્ન (૧૦) મંત્રની તો માત્રા કાપી**
**તંત્રની તો કરી બાદબાકી**
**ભક્ત ગણના ઉધ્ધાર માટે**
**હવે કેવી પીવડાવશો સાકી ?**



Scanned by CamScanner

પૂ. રાજયોગીજી :- અર્વાચીન યુગ કોમ્પ્યુટર તણો
આવી મળ્યો મંત્ર ૐ મા ૐ
માત પીરસે વાનગીઓ બાળને
બાળ તાજી પીરસે ભક્તોને.

**પ્રશ્ન (૧૧)** **વ્રત કરીએ તો માનવતા જાગે**
**જપ કરીએ તો આત્મા જાગે**
**તમ ચરણ-નમન થી શ્રધ્ધા જાગે**
**કઇ દવાથી ઉપાધિઓ ભાગે ?**

પૂ. રાજયોગીજી :- પ્રારબ્ધ કર્મ લઇ માનવ જન્મે
ઉપાધિઓ પૂર્વ જન્મની આવે
કરો સત્કર્મ તમ જીવન સફરમાં
રાહત મળે તમ ઉપાધિમાં.

**પ્રશ્ન (૧૨)** **સુદામાએ દીધાં મુકી તાંદુલ**
**કૃષ્ણએ આપ્યાં સોનાના મહેલ**
**અમે સૌ લાવ્યાં ખોબો ચણા**
**તો કેવી ચઢાવશો જીવનવેલ ?**

પૂ. રાજયોગીજી :- ચણા તણો પ્રસાદ ક્રાંતિની વાત
ચીંધ્યા રાજમાર્ગ તમે શ્રધ્ધા-શરણાગતિ તણાં
દોડયા જાઓ એ રાજમાર્ગે
ચઢી જાશે જીવનવેલ.

**પ્રશ્ન (૧૩)** **વચનકાજે રામે માતપિતાને ત્યાગ્યાં**
**દુ:ખીઓ કાજે તમે સુખોને ત્યાગ્યાં**
**તમ શરણથી અમારાં દુ:ખો ભાગ્યાં**
**બતાવો ચિન્હ કે અમે તમારાં લાગ્યાં ?**

પૂ. રાજયોગીજી :- છે અરીસો હદયનો
નીરખવા આપ હદયને
ઉપસ્થિતિ તમારી
એજ ચિન્હ...

**ૐ મા ૐ**



Scanned by CamScanner

# માનવતાદિન - રાજયોગી જન્મોત્સવ

સાતમી સપ્ટેમ્બર, અધ્યાત્મિક ઇતિહાસના ક્રાંતિવીર રાજયોગી નરેન્દ્રજીના જન્મોત્સવને માનવતાદિન તરીકે ઉજવવામાં આવે છે. રાજયોગીના આરાધ્ય મા ભગવતીના સાક્ષાત્કારથી જ આ દિવ્ય પ્રસંગ ઉત્સવનું રૂપ ધારણ કરે છે. ચાર સપ્ટેમ્બર, નિલોષામાં સેવાયજ્ઞની શરૂઆતને સેવા દિન તરીકે ઉજવવામનાં આવે છે. આ વર્ષે માતાજી પાંચ સપ્ટેમ્બરે સવારે પ્રત્યક્ષ પધાર્યા અને બાળ રાજયોગીને આશીર્વાદ, પ્રેમવર્ષા અને માતૃવાત્સલ્યથી સભર કરી, વસંતને નવપલ્લવિત રાખવા મૃદુહસ્ત પસવારી શક્તિ સિંચન કર્યું. પૂજ્યશ્રીના સ્વમુખે, અનુભવેલી માતૃવાત્સલ્યની વર્ષા આ પ્રમાણે વહેતી થઇ હતી.

તા. ૫-૯-૯૭ શુક્રવારે સવારે હું મારી રૂમમાં પલંગમાં બેસીને પેપર વાંચતો હતો. ૮-૨૫ વાગે મારી રૂમનો દરવાજો બંધ થયો અને સ્ટોપર વસાઇ ગઇ. એરકંડીશુ ચાલુ થઇ ગયું. માતાજીના પધારવાના એંધાણથી હું પરિચિત હતો જેથી પેપર વાળીને મેં ટેબલ પર મૂકી દીધું અને પલંગમાં બેસીને માતાજીની પ્રતિક્ષા કરતો રહ્યો.

૮-૩૦ વાગે પલંગ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી હાસ્ય વેરતાં પ્રગટ થયાં. હું ઉઠીને તેઓશ્રીને પગે લાગવા જતો હતો પરંતુ તેમણે મને પકડીને પલંગમાં બેસાડી દીધો અને પોતેશ્રી મારી સાથે બેસી ગયાં.

મને તેમનો હસ્ત ખભે વીંટાળીને આલિંગન આપીને માતૃવાત્સલ્યની વર્ષા કરી. મારા વાંસામાં અને મસ્તક પર ક્યાંક સુધી હસ્ત પસવારી વહાલ કર્યું. વાત્સલ્ય વહાવતાં વહાવતાં જ માતાજીએ મને કાર્યયજ્ઞ વિષે સલાહ સૂચન અને માર્ગદર્શન આપ્યું.

થોડી વાર પછી માતાજી પલંગમાંથી ઉઠીને ટેબલ પાસે ગયાં. જ્યાં બે ખાનાવાળી ટ્રે પડી હતી. માતાજીએ જમણો હસ્ત હવામાં ઊંચો કરી મૂઠી વાળી અને ટ્રેના એક ખાનામાં કાજુ પધરાવ્યા. પછી ડાબો હસ્ત હવામાં ઊંચો કરી મૂઠી વાળી અને ટ્રેના બીજા ખાનામાં બદામ પધરાવી. હું તેમની પાસે જવાનો વિચાર કરીને અમલમાં મૂકું એટલી વારમાં તો માતાજી પરત પલંગમાં આવીને બેસી ગયાં અને મને મારા ખભેથી એમનો હાથ વીંટાળીને આલિંગન આપ્યું. મને વહાલથી નજીક લીધો અને વહાલપની વર્ષા કરી અને કાર્યયજ્ઞની વાતો ચાલુ રાખી.

થોડીવાર પછી મેં માતાજીને વિનંતી કરી કે, મારા હાથમાં આપ જે પ્રસાદી આપો છો તે મને પસંદ નથી. (લોકો આવી પ્રસાદી માટે હઠાગ્રહ કરતા રહે છે) માતાજી હસ્યાં અને "સારૂં" કહ્યું. થોડીવાર પછી પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી અદશ્ય થઇ ગયાં. ઘડિયાળમાં ૮-૫૫ થયા હતા. માતાજી પચ્ચીસ મિનિટ રોકાયા હતાં.

માતાજી ૨૫-૩૦ વર્ષની યુવતીના સ્વરૂપે અતિ દિવ્ય લાગતાં હતાં. ગોલ્ડન કલરની પ્રીન્ટેડ સાડી ભારતીય ઢબે પરિધાન કરી હતી. વાળ છૂટા હતા. ભાલ પ્રદેશ પર કુમકુમનો ચાંલ્લો હતો, ગળામાં હાર, હસ્તમાં કંગન, કાનમાં કુંડળ અને નાકમાં ચૂની પહેરી હતી. રૂમમાં અને સમસ્ત વાતાવરણમાં ગુલાબની મહેંક પ્રસરી રહી હતી.

માતાજીએ પધરાવેલ પ્રસાદ કાજુ અને બદામ બંને '૬૬' છે. સાતમી સપ્ટેમ્બરે મારી ૬૬મી વર્ષગાંઠ છે. તેની અભિવ્યક્તિ રૂપે છાસઠ કાજુ બદામની પ્રસાદી માતાજીએ આપી હશે તેવું માની શકાય.



Scanned by CamScanner

# રાજયોગીજી - છાંસઠમો જન્મોત્સવ

૭-૯-૯૭

માનવતાદિનની ઉજવણી માટે પી. જી. મહેતા હોલનું પ્રાંગણ દેશવિદેશમાં ભક્ત સમુદાયથી શોભી રહ્યું હતું. પરમશક્તિ મંત્ર 'ૐ મા ૐ'નું સ્વાગત બેનર સહુ ભક્તોમાં પરમશક્તિનું પાન કરાવતું હોય તેવું અનુભવાતું હતું.

સવારે નવ વાગે માનવતાની સેવામૂર્તિ રાજયોગીજી સેવાયજ્ઞના સાથીદારો સાથે હોલમાં પધાર્યા. સમગ્ર વાતાવરણ રાજયોગીજીના જયનાદ અને જન્મદિન મુબારકબાદથી ગૂંજી ઉઠ્યું. ક્રીમ કલરના રેશમી કફની પાયજામામાં ઓપતા, સોફામાં શોભતા રાજયોગીજીમાં મહાતેજસ્વી બ્રહ્મર્ષિના દર્શન થતાં હતાં.

પૂજ્યશ્રીની ભાવપૂજા કરવા, આશીર્વાદ લેવા, અભિનંદન આપવા, ભક્તો પોતાનો ક્રમ આવતાં ચરણાવંદના કરી ધન્યતા અનુભવતા, પૂજ્યશ્રીએ ત્રણ બટુકોને મંત્રદીક્ષા આપી યજ્ઞોપવિત ધારણ કરાવી, સત્ત્વશીલ, સદાચારી માનવ બનવાની આશીષ આપી. 'રાજલહરી'ના ભાવ કાવ્યોએ સમગ્ર માહોલને રાજભાવ-માતભાવથી ભરી દીધું હતું. માતાજીને ભાવતાં ભોજન, ખીચડી, કઢી, શાક, લાડુનો પ્રસાદ સહુ ભક્તોએ પ્રેમથી આરોગી અમૃતનો સ્વાદ માણ્યો. માતાજીએ પધરાવેલ કેસર મિશ્રિત જળનું આચમન કરી સહુ ધન્ય બન્યા. ભાવપૂજાની સાથે સાથે જ "મોરલો ટહુકા કરતો જાય" ભાવ કાવ્યગીત શ્રી મુંજાલભાઇ અને સાથી કલાકારોએ ગાઇને સમગ્ર માહોલને મયુરના થનગનાટનો, થનક થનક નૃત્યનો અનુભવ કરાવ્યો. કેટલાક ભક્ત ભાઇબ્હેનોએ મોરના પીંછા, મયુરપંખ, કરતાલ વિગેરે લઇને નૃત્ય કર્યું, નાચ્યા, ઝૂમ્યા અને ભાવમગ્ન બની ગયા. ભક્તોની ભાવપૂજાનો પ્રવાહ બપોરે એક વાગે વિરામની જાહેરાત થતાં અટક્યો.

વિરામ પછી બપોરે ત્રણ વાગે પૂજ્યશ્રી હોલમાં પધાર્યા. ભક્તોની ભીડ હોવા છતાં હોલમાં ભક્તિભાવ, સંઘભાવ વર્તાતા હતાં. રાજયોગીજીનો રાજવંશી પોશાક, દિવ્ય અને અતિસુંદર દેહલાલિત્ય અને સુવાસથી સભર સમસ્ત અસ્તિત્ત્વથી સમગ્ર માહોલમાં દિવ્ય ચેતના વર્તાતી હતી.

શ્રી મુંજાલભાઇએ સાથી કલાકારો સાથે સ્વરચિત ભાવગીત "મણિયારો વરદાની" ગાઇ, ગવરાવીને સહુને ઝૂમતા કરી દીધા.

પછી પૂજ્યશ્રીની અમૃતવાણી વહેતી થઇ. ચોથી સપ્ટેમ્બર નીલોષામાં સેવાદિનની ઉજવણીની સમીક્ષા કરી, નીલોષા દંપત્તિ અને સેવાયજ્ઞના સાથી સહાયકોને આશીર્વાદ આપ્યા.

એક આધ્યાત્મિક ક્રાંતિવીરની અદાથી પૂજ્યશ્રીએ આવનારા ક્રાંતિયુગના એંધાણને પારખીને ક્રાંતિની તેમની જ્યોતને વધુ પ્રજ્વલિત કરી. 'ક્રાંતિ ચક્ર'-પૂજ્યશ્રીનું વક્તવ્ય વર્તમાન અને ભાવિયુગની માંગ છે, જરૂર છે. મા-બાળની આતશબાજી ખેલીને વિરાટના વૈભવને પ્રકાશિત કરતું પૂજ્યશ્રીનું વક્તવ્ય અતિ મનનીય હતું.



Scanned by CamScanner

## -: ક્રાંતિ ચક્રના ચમકારા :-

૧. જિંદગીની આતશબાજી યૌવન છે.
૨. યૌવનની આતશબાજીના મૂળમાં શીલ છે, શૌર્ય છે અને સંસ્કાર છે, ભક્તની આતશબાજીમાં ભજન છે.
૩. એકલ દોકલ ફટાકડો આતશબાજી સર્જી શકતો નથી,
૪. આતશબાજી તો સામૂહિક છે. સત્ય અને આનંદ પ્રેમને ગણિતની સંખ્યામાં સમાવિષ્ટ ના કરી શકાય.
૫. માતાજીને પણ આતશબાજી ખેલવામાં આનંદ આવે છે.
૬. માતાજીની આતશબાજી એટલે સૂરજના ફેલાતા કિરણોની માફક પ્રેમ અને આનંદની મુક્ત લહાણી. આ લહાણીનું માધ્યમ છે રાજયોગી. આ માતૃવાત્સલ્ય આતશબાજી છે.
૭. આતશબાજીને અન્ય અને અનોખું એવું એક લક્ષણ પણ વરેલું છે અને તે છે ક્રાંતિ સર્જન.
૮. ક્રાંતિ પહેલાં વિસર્જન કરે અને પછીથી સર્જન કરે.
૯. માતાજીએ આધ્યાત્મિક ક્રાંતિનો ઝંડો-ઇન્કલાબ મને સોંપ્યો છે.
૧૦. હું તો સતત ક્રાંતિની પ્રક્રિયામાં જ જીવું છું.
૧૧. સાધ્યની પ્રપ્તિ માટે જો સાધન બદલવાં પડે તો તેમાં સંકોચ શાનો ?
૧૨. ઇશ્વરતો અંતરને-હ્રદયના માહ્યંલાને, ભાવનાને ઓળખે છે.
૧૨. મનુષ્ય અંધશ્રધ્ધામાંથી બહાર આવે અને સાચી શ્રધ્ધા કેળવે તે માટે હું હંમેશાં પ્રયત્નશીલ રહું છું.
૧૩. ભક્તિ તો આધુનિક પરિવેશ પહેરીને પણ થઇ શકે છે.
૧૪. પરમાત્માનું સાનિધ્ય કેળવવાનો, તેની પાસે જવાનો સહુ કોઇને અધિકાર છે. જરૂર છે ફક્ત તેવો અધિકાર ભોગવવાની પાત્રતા કેળવવાનો.
૧૫. સંસારીને આધ્યાત્મિક યુધ્ધવીર-શૂરવીર તરીકે તૈયાર કરીને પરમની શરણાગતિમાં લઇ જવાય, તેના કૃપાપાત્ર થવા સુપ્રત કરી દેવાય તેવી પ્રકિયાને હું ક્રાંતિ તરીકે ગણાવું છું.
૧૬. માનવને ઇશ્વરાભિમુખ કરવો, તે જ તરફ મારા ક્રાંતિચક્રને હું ગતિશીલ કર્યા કરૂં છું. ધર્મ અમુક વાડાઓમાં સીમિત રહે તે હું વિચારી શકતો નથી.
૧૭. માનવ કોડિયામાંથી (શ્રધ્ધાની) વાટને સંકોરીને ડગમગતી જ્યોતને પુનઃસ્થિર કરીને તેને પ્રકાશિત કરવી તેટલું જ ફક્ત મારૂં લક્ષ્ય છે.

પૂજ્યશ્રીનું તેજાબી છતાં રોચક વક્તવ્ય થતાં મુંજાલભાઇએ ભાવમાં ડૂબી ગયેલ ભક્ત જગતને સતેજ કરવા સ્વરચિત ભાવગીત ગવરાવ્યું.

**"જેના રોમ રોમમાં ઓમકાર છેરે**
**એવા સદ્‌ગુરૂ પ્રભુનો અવતાર છેરે."**

બધાં હળવા થઇ ગયાં, આનંદથી ઝૂમી ઉઠ્યાં, હર્ષાશ્રુ વહાવતાં આ ભાવકાવ્યને અને તેમાંથી નીતરતા



Scanned by CamScanner

રસને માણી રહ્યા, ગાઇ રહ્યા. ભાવ કાવ્ય પછી શરૂ થયું 'દધિ મંથન' રાજકવિ સતીષભાઇના ગહન મનોમંથનથી માખણ મેળવવા પૂછાયેલા પ્રશ્નો અને પૂજ્ય રાજયોગીજીના માખણ સમા તાત્વિક, સાત્વિક પ્રત્યુત્તરો, આમ પ્રશ્નો–ઉત્તરોનું દધિમંથન કરીને માખણ લૂંટવાની મઝા આવી ગઇ. માખણની મીઠાશ માણ્યા પછી પૂજ્યશ્રીએ પોતાના શાસ્ત્ર, મંતવ્ય અને અનુભવના આધારે શિવ-જીવના મિલનની વાતો અતિ સરળ પરંતુ પચાવવામાં અઘરી લાગતી હકીકતો રજૂ કરી. ભક્તોના હૃદયમાં ઉદ્ભાવવતા શિવ-જીવના, આત્મા-પરમાત્માના સંબંધના પ્રશ્નોની છણાવટ બહુ જ સરળ અને સહજ સમજાઇ જાય તેવી રીતે વ્યક્ત કરી. શિવ-જીવના વક્તવ્યનું સમાપન કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે, "બાળક જ્યારે જન્મે છે ત્યારે જીવ અને શિવ સાથે જ હોય છે. બાળક મોટો થતાં માયાની રજસ અને તમસ પ્રકૃતિમાં ફસાતાં, ષડ્વૃત્તિઓના આવરણમાં અટવાઇ જતાં બુધ્ધિના પ્રદેશમાં એટલે કે મગજમાં આવી જાય છે અને શિવથી છુટો પડી જાય છે, અને કર્મ બંધનમાં ફસાઇ જાય છે.

ફરીથી પાછા શિવ-જીવનું મિલન કરવું હોયતો બાળકના જેવી નિર્દોષતા, નિર્મળતા, શરણાગતિ કેળવવામાં આવે તો જ તે શક્ય બને."

પૂજ્યશ્રીએ નવમી ડીસેમ્બરને **ઉપાસના દિન** તરીકે જાહેર કર્યો. ઉત્સવનું સમાપન મંત્રજાપ, નિત્યસ્મરણ અને પરમશક્તિની આરતીથી કરવામાં આવ્યું.

## સમાચાર

૧. તા. ૨-૧૦-૯૭ થી ૧૦-૧૦-૯૭ સુધી આસો નવરાત્રિ છે. વિશિષ્ટ ઉપાસના કરવા ઈચ્છતા ઉપાસકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

૨. તા. ૧-૧૧-૯૭ શનિવારે નુતન વર્ષ છે. પૂજ્ય ગુરૂદેવના દર્શનનો લાભ શ્રધ્ધા કુટીરમાં મળી શકશે. સમય - સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ સાંજે ૬-૦૦ થી ૮-૦૦

૩. તા. ૯-૧૨-૯૭ મંગળવાર પરમશક્તિ મા ગાયત્રીનો પાટોત્સવ છે. પૂજ્યશ્રીના દર્શન અને આધ્યાત્મિક યાત્રાનો લાભ શ્રધ્ધા કુટીરમાં મળી શકશે. સમય - સાંજે ૫-૦૦ થી ૮-૦૦

૪. દિવાળીની રજાઓ, તથા સુરત, ભાવનગર, નાગપુર અને મુંબઇનો કાર્યયજ્ઞ હોવાથી તા. ૨૯-૧૦-૯૭ થી તા. ૨૬-૧૧-૯૭ સુધી નિલોષા મુલાકાત બંધ રહેશે.

૫. તા. ૨૭-૧૧-૯૭ ગુરૂવાર થી નીલોષા મુલાકાત ચાલુ થશે.

૬. તા. ૧૫-૧૨-૯૭ થી તા. ૧૪-૧-૯૮ સુધી પૂજ્યશ્રીનો વિદેશનો કાર્યયજ્ઞ હોવાથી નીલોષા મુલાકાત બંધ રહેશે.

૭. તા. ૧૫-૧-૯૮ ગુરૂવાર થી નીલોષા મુલાકાત ચાલુ થશે.



Scanned by CamScanner

## નવેમ્બર ૧૯૯૭ નો કાર્યક્રમ

૧. તા. ૬-૧૧-૯૭ ગુરૂવાર થી તા. ૭-૧૧-૯૭ શુક્રવાર, સુરત.
**સમય** - બપોરના ૧૨-૦૦ થી ૪-૦૦
**સ્થળ** - શ્રી ભગવાનદાસ જરીવાલાનો બંગલો, દયાલબાગ પાસે, વિજયનગર સોસાયટી, સુરત.

૨. તા. ૧૨-૧૧-૯૭ બુધવાર થી તા. ૧૩-૧૧-૯૭ ગુરૂવાર, ભાવનગર.
**સમય** - બપોરના ૧૨-૦૦ થી ૪-૦૦
**સ્થળ** - ગોદાવરીબા કન્યા છાત્રાલય, ગાંધી સ્મૃતિ સામે, ભાવનગર.

૩. તા. ૧૭-૧૧-૯૭ સોમવાર થી તા. ૧૮-૧૧-૯૭ મંગળવાર, નાગપુર.
**સમય** - બપોરના ૧૨-૦૦ થી ૪-૦૦
**સ્થળ** - વજુભાઇ ગગલાણી, ઇતવારી સોસાયટી.

૪. તા. ૨૨-૧૧-૯૭ શનિવાર શાંતાક્રુઝ, મુંબઈ.
**સમય** - બપોરના ૧૨-૦૦ થી ૪-૦૦
**સ્થળ** - ગોવિંદધામ મંદીર, સાતમો ગોખીબાર રોડ, શાંતાક્રુઝ.

૫. તા. ૨૩-૧૧-૯૭ રવિવાર મુંબઈ.
**સમય** - બપોરના ૧૨-૦૦ થી ૪-૦૦
**સ્થળ** - લક્ષ્મીબાગ, અવન્તિકાબાઇ ગોખલે રોડ, મારવાડી વિદ્યાલયની પાસે, ઓપેરા હાઉસ, મુંબઈ.

## ડીસેમ્બર ૧૯૯૭ નો કાર્યક્રમ. વિદેશમાં

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૨૬-૧૨-૯૭ | શુક્રવાર | ૩-૪ | ક્રોપડન લંડન | જ્યોતિબેન પરમાર | ૦૧૮૧-૬૭૯-૮૬૬૮ |
| ૨૭-૧૨-૯૭ | શનિવાર | ૩-૪ | વેમ્બલી | અમૃતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨-૭૯૨૪ |
| ૨૮-૧૨-૯૭ | રવિવાર | ૩-૪ | વેમ્બલી | અમૃતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨-૭૯૨૪ |
| ૩૦-૧૨-૯૭ | મંગળવાર | ૫-૮ | યુનીયનસીટી N. J. | રતિલાલ મીસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૦૨-૦૧-૯૮ | શુક્રવાર | ૫-૮ | કોલોનીયા N. J. | દેવબાળા પટેલ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૦૩-૦૧-૯૮ | શનિવાર | ૫-૮ | કોલોનીયા N. J. | દેવબાળા પટેલ | ૯૦૮-૩૮૮-૨૪૬૧ |
| ૦૬-૦૧-૯૮ | મંગળવાર | ૩-૬ | ૯, ઓલ્ફીન સ્ટ્રીટ લેસ્ટર | Contect Phone | ૦૧૧૬-૨૩૫૪-૬૧૧ |
| ૭-૧-૯૮ | બુધવાર | ૩-૬ | ૯, ઓલ્ફીન સ્ટ્રીટ લેસ્ટર | Contect Phone | ૦૧૧૬-૨૩૫૪-૬૧૧ |



Scanned by CamScanner

# નિત્ય - સ્મરણ

રાજયોગી હે દિવ્યયોગી હે
માતયોગી હે નાથયોગી હે

**પ્રભાત :**

નિત્ય મમ ઉર આપ હો ઉદય, નરેન્દ્રમય સકલ નવપ્રભાત હો,
સુરભિમય ઉષા પુનિત મંગલા, નાથ સ્મરણથી થાય ઉજવલા ...રાજયોગી

**મધ્યાહ્ન :**

હો પ્રખર રવિ મધ્ય વ્યોમમાં, આપનું સ્મરણ રોમ-રોમમાં,
પૂર્ણ તેજ તવ હો હૃદય વિશે, લોચનો ઠરે નાથ ત્યાં દીસે ...રાજયોગી

**સંધ્યા :**

પશ્ચિમે ઢળી સૂર્ય આથમે, ચરણવંદના નાથની ગમે,
પરમશક્તિને એ જ પ્રાર્થના, મુજ હૃદય વસો માત વત્સલા ...રાજયોગી

**રાત્રિ :**

રજનીએ સદા નાથ રક્ષજો, નયનમાં સપન આપના હજો,
તિમિરઘન ભલે હોય શર્વરી, સુક્ષ્મ આપના સાનિધ્યથી ભરી ...રાજયોગી

**દિશાઓ :**

પરમશક્તિના બાળ પૂર્વમાં, પશ્ચિમે વળી રાજ રક્ષજો,
હૃદયમાં રહો દયાળુ દક્ષિણે, યોગી ઉત્તરે ઉર ઉજાળજો ...રાજયોગી

**શિયાળો - ઉનાળો :**

શીતઋતુ વિશે શિવસ્વરુપની, હૃદય હૂંફમાં રાજ રાખજો,
ગ્રીષ્મમાં વળી શીતળ સૂર્ય હે શીતકૃપા તણાં કિરણ આપજો ...રાજયોગી

**વર્ષાકાળ :**

સઘન મેઘને માહૃદય કહું, વિજદ્યુતિ બને હાસ્ય માતનું,
ટહુકતું રહે તૃષિત ઉરમાં, સ્વરુપ નર્તતું નર-મયૂરનું ...રાજયોગી

**નિત્ય :**

અધર પર રહે નામ-માધુરી, નયનમાં રમે રૂપ-માધુરી,
હૃદયથી વહે પ્રેમ-માધુરી, પૂર્ણ નાથજો માધુરી લીલા ...રાજયોગી



Scanned by CamScanner